અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ જુલાઈ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૧૦

વર્ષ : ૧૭
અંક : ૨૧

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભૂલ સુધારો નહીંતર સાથે રહેવાનો અર્થ નથી : ઉદ્ધવ ઠાકરે

## ઉદ્ધવ ઠાકરેએ મહાવિકાસ આઘાડીથી અલગ થવાના આપ્યા સ્પષ્ટ સંકેત

### જો ઓગસ્ટ ૨૦૨૪ મહારાષ્ટ્ર વિધાનસભામાંની જેમ ફરી બેઠકોની વહેંચણી અને ઉમેદવારોની પસંદગીમાં ભૂલ થઈ તો સ્ફછમાં રહેવાનો મતલબ નથી

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

શિવસેના યુબિટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સવાલ ઉઠાવ્યો છે કે જો ઑગસ્ટ ૨૦૨૪ મહારાષ્ટ્ર વિધાનસભામાંની જેમ ફરી બેઠકોની વહેંચણી અને ઉમેદવારોની પસંદગીમાં ભૂલ થઈ તો મહાવિકાસ આઘાડી (કોંગ્રેસ, શરદ પવાર જૂથ, ઉદ્ધવ ઠાકરે જૂથનું ગઠબંધન)માં રહેવાનો કોઈ મતલબ નથી. ઉદ્ધવ ઠાકરેએ શિવસેના યુબિટીના મુખપત્ર સામનામાં આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે તેમના પક્ષે લોકસભા ચૂંટણી દરમિયાન પોતાની બેઠકો સ્ફછના સાથી પક્ષોને આપવી પડી. વિધાનસભા ચૂંટણી દરમિયાન બેઠકોની વહેંચણી



છેલ્લી ઘડી સુધી ફાઈનલ થઈ શકી નહીં. આ ઝઘડાના કારણે પ્રજામાં ખોટો સંદેશો ગયો. વ્યક્તિગત અહંકાર હારનું કારણ બન્યો. આ ભૂલો સુધારવી પડશે, નહીંતર ભવિષ્યમાં સાથે રહેવાનો કોઈ અર્થ નથી.' વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં MVAએ મહારાષ્ટ્રની ૪૮માંથી ૩૦ બેઠકો જીતી હતી. જોકે તેના પાંચ જ મહિના બાદ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં બાજી પલટાઈ ગઈ. ૨૮૮ વિધાનસભા બેઠકમાંથી MVA માત્ર ૪૬ બેઠકો પર સમેટાઈ ગયું. મહારાષ્ટ્રમાં ઠાકરે બ્રધર્સ હિન્દીનો વિરોધ કરવા મેદાનમાં ઉતર્યા છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે મરાઠીને બચાવવાના નામે એક થયા છે. જોકે હિન્દી વિરોધના નામે બંને નેતાઓ અવારનવાર ગુજરાત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. અગાઉ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક મંચ પર હતા ત્યારે પણ ગુજરાત, ગુજરાતના વેપારીઓ તથા ઉદ્યોગો વિરુદ્ધ નિવેદનો આપવામાં આવ્યા હતા. હવે રાજ ઠાકરેએ ફરી ગુજરાત પર નિશાન સાધ્યું છે. આટલું જ નહીં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે પણ વિવાદિત ટિપ્પણી કરી છે. મનસે પ્રમુખ રાજ ઠાકરેએ મીરા ભાયંદરમાં એક સભામાં દાવો કર્યો છે કે ગુજરાતી વેપારીઓ અને ગુજરાતી નેતાઓ દાયકાઓથી મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આટલું જ નહીં આચાર્ય અત્રેના એક પુસ્તકના સંદર્ભને ટાંકીને રાજ ઠાકરેએ કહ્યું છે કે મને એ જાણીને આઘાત લાગ્યો કે મુંબઈ મહારાષ્ટ્રને ન આપવું જોઈએ તેવી સૌથી પ્રથમ માંગણી વલ્લભભાઈ પટેલે કરી હતી. વલ્લભભાઈ પટેલે કહ્યું હતું કે મુંબઈ મહારાષ્ટ્રને આપવું જોઈએ નહીં. રાજ ઠાકરેના આ નિવેદન બાદ ગુજરાતના પાટીદાર નેતાઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

### ન્યૂઝ બ્રિફ

#### ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં પાંચ વિમાન તોડી પડાયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકવાનો બફાટ ઘણીવાર કરી ચૂક્યા છે. તેમણે ગુરુવારે ૧૮ જુલાઈના રોજ એવો દાવો કર્યો કે આ તણાવને વેપાર સમજૂતિ દ્વારા સમાપ્ત કરાયો. ત્યારબાદ હવે તેમણે કહ્યું કે ભારત-પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન ૫ ફાઈટર જેટ હિટ થયા હતા જો કે ભારત સરકાર તરફથી આ અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી. ટ્રમ્પે કહ્યું કે, બંને દેશો વચ્ચે સ્થિતિ ગંભીર હતી. પરમાણુ હથિયારોથી લેસ દેશ એક બીજા વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા હતા. વિમાનોને નિશાન બનાવવામાં આવી રહ્યા હતા. મને લાગે છે કે ૫ વિમાન તોડી પાડ્યા હશે. ટ્રમ્પનો દાવો છે કે તેમણે ટ્રેડની ધમકી આપીને ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવ્યું.

#### યુપીના મથુરામાં એક્સપ્રેસ વે પર ભયંકર અકસ્માત

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશમાં શનિવારે (૧૯મી જુલાઈ) વહેલી સવારે યમુના એક્સપ્રેસ વે પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. દિલ્હીથી આગ્રા જઈ રહેલી હાઈ સ્પીડ ઈકો કાર આગળ જઈ રહેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં પિતા અને બે પુત્રો સહિત ૬ લોકોના મૃત્યુ નીપજ્યાં હતા. જ્યારે પત્ની અને પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટના વિશે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્તનો સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે.

#### દક્ષિણ ભારતના જાણીતા અભિનેતા ફિશ વેંકટનું નિધન

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૯ ।

તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. જાણીતા કોમેડિયન અને અભિનેતા ફિશ વેંકટનું નિધન થયું છે. તેમણે ૧૮ જુલાઈના રોજ ૫૩ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. આ અભિનેતા ઘણા મહિનાઓથી કિડનીની સમસ્યાથી પીડાતા હતા. ઘણા મહિનાઓથી તેમની કિડનીની સારવાર ચાલી રહી હતી તેમજ ડાયાલિસિસ પણ ચાલી રહ્યું હતું. તેમજ સમય પર આર્થિક સહાય અને ડોનર ન મળતા તેમનું અવસાન થયું. ફિશ વેંકટ ગબ્બર સિંહ અને ડીજે ટિલ્લુ જેવી ફિલ્મો માટે જાણીતા છે. હૈદરાબાદની એક હોસ્પિટલમાં કિડની ફેલ થવાને કારણે ફિશ વેંકટનું નિધન થયું.

### કોર્ટો ઊભી ના કરવા બદલ કેન્દ્ર, મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી

## સરકાર વિશેષ કોર્ટો નહીં બનાવે તો UAPA, NIAના આરોપીઓને છોડી મૂકવા પડશે : સુપ્રીમ

### કોર્ટ કરેલા અવલોકનો અનુસાર નિર્ણય લેવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને છેલ્લી તક આપવામાં આવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



એનઆઈએ, UAPA જેવા વિશેષ ધારા હેઠળના કેસો ચલાવવા અદાલતો ઊભી ન કરવા બદલ કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢતાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે જો સત્તાવાળાઓ NIA કાયદા અને અન્ય વિશેષ કાયદાઓ હેઠળ ઝડપી ટ્રાયલ ચલાવવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ ધરાવતી અદાલતો સ્થાપિત કરવામાં નિષ્ફળ જશે તો આરોપીને જામીન પર મુક્ત કરવાની કોર્ટને ફરજ પડશે. ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની ખંડપીઠે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ રાજકુમાર ભાસ્કર ઠાકરેને જણાવ્યું હતું કે હાલની અદાલતોને વિશેષ અદાલતો તરીકે નિયુક્ત કરવી તે કોર્ટોને રિલેબલ કરવા માટે હાઈકોર્ટ પર બળજબરી કરવા સમાન છે. NIA કાયદા અને અન્ય વિશેષ કાયદાઓ હેઠળના કેસોમાં ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતોની સ્થાપના માટે કોઈ અસરકારક કે નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ખંડપીઠે જણાવ્યું હતું કે તેના આદેશોથી વિપરીત એવી છાપ ઉભી કરાઈ છે કે NIA કાયદા હેઠળ હાલની કોર્ટને વિશેષ કોર્ટ તરીકે નિયુક્ત કરવાથી આદેશોનું પૂરતું પાલન થશે. હાલની કોર્ટને વિશેષ અદાલતો તરીકે નિયુક્ત કરવાથી કાચા કામના કેદીઓ,જેલમાં બંધ કેદીઓને ભોગવવું પડે છે. નક્સલવાદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા કૈલાશ રામચંદાનીની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો. ૨૦૧૯માં IED વિસ્ફોટમાં રાજ્ય પોલીસની ક્વિક રિસ્પોન્સ ટીમના ૧૫ પોલીસકર્મીઓ મોત પછી તેમની ધરપકડ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે ૧૭ માર્ચના પોતાના અગાઉના આદેશને યાદ કરીને જણાવ્યું હતું કે જો કેન્દ્ર અને રાજ્ય સરકાર NIA કેસોની સુનાવણી માટે વિશેષ અદાલતની સ્થાપના કરવામાં નિષ્ફળ જશે, તો આગામી સુનાવણીમાં જામીન માટેની તેમની અરજી પર વિચારણા કરાશે. કોર્ટ કરેલા અવલોકનો અનુસાર નિર્ણય લેવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને છેલ્લી તક આપવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે આ મામલાની સુનાવણી ચાર સપ્તાહ સુધી મોકૂફ રાખી હતી. હાઈકોર્ટની મંજૂરીથી NIA કેસ માટે મુંબઈમાં એક ખાસ કોર્ટની નિમણૂક કરવામાં આવી છે તેવી સરકારી વકીલે રજૂઆત કરતાં ખંડપીઠે જણાવ્યું હતું કે બીજા અરજદારોના ભોગે આવું શા માટે કરવું જોઈએ? જો તમે નવા કાયદા લાવી રહ્યા છો, તો તમારે પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું જોઈએ.

### માલદીવ્સમાં મુઇજ્જુ સાથે થશે બેઠક

## વડાપ્રધાન મોદી હવે બ્રિટનની મુલાકાતે જશે, વેપાર ડીલ કરશે

### ભારત અને બ્રિટન વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (FTA) થી બંને દેશોના વ્યાપારિક સંબંધો વધુ મજબૂત બનશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ચાર દિવસના વિદેશ પ્રવાસે જશે. તેઓ આવતા અઠવાડિયે બ્રિટન અને માલદીવ્સની મુલાકાત લેશે. આ દરમિયાન વેપાર કરારો અને સંબંધોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

પીએમ મોદી ૨૩-૨૪ જુલાઈના રોજ યુનાઈટેડ કિંગડમ જશે, જ્યાં તેઓ ઐતિહાસિક ભારત-યુકે મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કરશે. આ



ઐતિહાસિક કરાર ભારતથી બ્રિટનમાં થતી ૯૯% નિકાસને અસર કરશે, કારણ કે તેનાથી ટેરિફમાં મોટો ઘટાડો થશે. ઉપરાંત બ્રિટનથી ભારતમાં વ્હિસ્કી અને કાર જેવા ઉત્પાદનોની નિકાસને પણ વેગ મળશે. જોકે ત્રણ વર્ષની વાટાઘાટો પછી આ કરાર શક્ય બન્યો છે, જેનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વધુ સારી બજાર પહોંચ અને અનુકૂળ વ્યવસાયિક વાતાવરણ બનાવવાનો છે.

ભારત અને બ્રિટન વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (FTA) થી બંને દેશોના વ્યાપારિક સંબંધો વધુ મજબૂત બનશે અને સુરક્ષા સહયોગને પણ નવી દિશા મળશે તેવી આશા છે. આ કરાર વેપાર અવરોધોને ઘટાડીને બંને રાષ્ટ્રોને વ્યાપક આર્થિક ભાગીદારી તરફ આગળ વધારવામાં મદદરૂપ થશે. બ્રિટનની મુલાકાત બાદ પીએમ મોદી ૨૫ અને ૨૬ જુલાઈના રોજ માલદીવ્સની મુલાકાત લેશે. ત્યાં તેઓ માલદીવ્સના ૬૦મા રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. ઈન્ડિયા આઉટ અભિયાનને કારણે બંને દેશોના સંબંધોમાં તાજેતરમાં આવેલી કડવાશ પછી પીએમ મોદીની માલદીવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ સાથે આ પહેલી મુલાકાત હશે.

### ૨૧ જુલાઈએ પૂછપરછ માટે બોલાવ્યા

## ગૂગલ અને મેટાને ED દ્વારા નોટિસ ફટકારવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ શનિવારે ટેક જાયન્ટ્સ ગૂગલ અને મેટા(ફેસબુક)ને સમન્સ પાઠવ્યા છે. EDની આ કાર્યવાહી ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના કેસમાં હાથ ધરવામાં આવી રહેલી તપાસનો એક ભાગ છે. બંને કંપની ઓના પ્રતિનિધિની ૨૧ જુલાઈના રોજ પૂછપરછ કરવામાં આવશે. EDએ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સ સંબંધિત કેસની તપાસના સંદર્ભમાં ગૂગલ અને મેટાને નોટિસ ફટકારી છે. એજન્સીનો આરોપ છે કે આ બંને કંપનીઓએ સટ્ટાબાજી એપ્સને પ્રોત્સાહન આપ્યું હતું અને તેમના ડિજિટલ પ્લેટફોર્મ પર તેમની જાહેરાતો અને વેબસાઈટ્સને પ્રાધાન્ય આપ્યું હતું. જેના કારણે તેમની પહોંચ અને લોકપ્રિયતા ઝડપથી વધી અને આ ગેરકાયદેસર કામગીરી દેશભરમાં ફેલાઈ ગઈ. આ સમગ્ર કેસમાં પહેલી વાર એવું બન્યું છે કે ભારતમાં કાર્યરત કોઈ મોટી ટેક કંપનીને સટ્ટાબાજી જેવા મામલામાં સીધી રીતે જવાબદાર ઠેરવવામાં આવી રહી છે. EDની આ કાર્યવાહી ઓનલાઈન સટ્ટાબાજી સામેના વ્યાપક અભિયાનનો એક ભાગ છે, જેમાં ઘણા ફિલ્મ સ્ટાર્સ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સની ગેરકાયદેસર સટ્ટાબાજી એપ્સને પ્રોત્સાહન આપવા બદલ તપાસ થઈ રહી છે.

### ભાષા વિવાદ વચ્ચે રાજ ઠાકરેનું નિવેદન

## 'જો તમારી ભાષા ગઈ તો ધીરે-ધીરે તેઓ મુંબઈને ગુજરાતમાં ભેળવી દેશે'

### રાજ ઠાકરેએ કહ્યું કે, 'તમને શું લાગે છે, મરાઠી વેપારી નથી. કેટલા દિવસ સુધી બંધ કરીને રહેશો. અમે જ્યારે કંઈ ખરીદીશું ત્યારે કંઈ નહીં થાય? મહારાષ્ટ્રમાં રહેવું છે તો શાંતિથી રહો.'

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ના વડા રાજ ઠાકરેએ કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં જેટલા પણ નેતા છે તેમાંથી સૌથી સારી મારી હિન્દી છે. આવું મારા પિતાજીના કારણે છે કારણ કે તેમને ઉર્દુ, મરાઠી અને હિન્દી સારી આવડતી હતી. મારો તમામ ભાષા સાથે પ્રેમ છે. મીરા રોડ પહોંચીને ઠાકરેએ કહ્યું કે, હિન્દી ભાષાથી કોનું ભલું થયું છે? તે ભાષા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હેરાનપ



રેશાન છે. હિન્દી કોઈ પણ રાજ્યની માતૃભાષા નથી. હિન્દી આડીઅવળી તૈયાર કરાઈ, ૨૦૦ વર્ષ જૂની ભાષા છે. હિન્દીએ ૨૫૦થી વધુ ભાષાઓને મારી નાખી. હનુમાન ચાલીસા અવધિ ભાષામાં લખાયેલી છે, હિન્દીમાં નથી.'રાજ ઠાકરેએ મીરા રોડ પહોંચવા પર તેમનું સ્વાગત કરવા માટે ચાર જેસીબી ઉભા રખાયા હતા, જેનાથી તેના પર ફૂલોનો વરસાદ કરાયો. તેમણે કહ્યું કે, હું અહીં જાણીજોઈને આવ્યો. તે દિવસે જે ઘટના બની, મરાઠી જો ન સમજી તો કાનની નીચે મરાઠી સંભળાશે જ. નાની ઘટના હતી. મારા લોકો પાણી પીવા ગયા હતા. મરાઠી ભાષાને લઈને પૂછ્યું તે તેમણે કહ્યું કે, તમામ લોકો હિન્દી જ બોલે છે.

### એપસ્ટિન ફાઈલ ફેક ગણાવી

## ટ્રમ્પે રુપર્ટ મર્ડોક અને વોલ સ્ટ્રીટ જર્નલ સામે ૧૦ બિલિયન ડોલરનો કેસ ઠોક્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એપ્સીટીન કેસને લઈને છાપેલા રિપોર્ટને લઈને એક્શન લીધું છે. તેમણે મીડિયા દિગ્ગજ મર્ડોક અને વૉલ સ્ટ્રીટ જર્નલ પર કેસ દાખલ કર્યો છે. ટ્રમ્પે ૧૦ મિલિયન ડૉલરનો આ કેસ મિયામીની ફેડરલ કોર્ટમાં દાખલ કર્યો છે. આ કેસ વૉલ સ્ટ્રીટ જર્નલના એ રિપોર્ટને લઈને કરવામાં આવ્યો છે, જેમાં ટ્રમ્પની છોકરીઓ સપ્લાઈ કરનાર જેફરી એપ્સટીન સાથેની મિત્રતાનો દાવો કરવામાં આવ્યો હતો. આ મામલો ખૂબ જ સંવેદનશીલ છે અને તેનાથી ટ્રમ્પની શાખ જોખમમાં મૂકાઈ ગઈ છે. એટલું જ નહીં, ૭૯ વર્ષના રિપબ્લિકન નેતાના રાજકારણમાં પણ નુકસાન થઈ રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર આ અંગે પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, અમે જૂઠાણા, અફવાઓ ફેલાવનારા અને નકલી સમાચાર પ્રકાશિત કરનારાઓ સામે મોટો કેસ દાખલ કર્યો છે. આ કેસ વૉલ સ્ટ્રીટ જર્નલ સામે દાખલ કરવામાં આવ્યો છે. વૉલ સ્ટ્રીટ જર્નલે ગુરૂવારે એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, ૨૦૦૩માં ટ્રમ્પ, જે તે સમયે એક સફળ રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ હતા.

### AAIBના પ્રારંભિક રિપોર્ટથી વધ્યો તણાવ

## અમદાવાદ પ્લેન ક્રેશ તપાસ મામલે પાયલટ યુનિયનની વિદેશી મીડિયાને નોટિસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય પાયલટની સંસ્થા, ફેડરેશન ઑફ ઈન્ડિયન પાયલટ્સ (FIP)એ ધ વૉલ સ્ટ્રીટ જર્નલ અને રૉયટર્સ સામે કાનૂની નોટિસ મોકલી છે. FIPનું કહેવું છે કે, આ વિદેશી મીડિયા હાઉસે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 ના અકસ્માતને લઈને પાયાવિહોણા અને અપમાનજનક સમાચાર છાપ્યા હતા. પાયલટોએ આ સમાચારને તુરંત પરત ખેંચવા અને માફી માંગવાની માંગ કરી હતી. નોંધનીય છે કે, આ વિવાદ ૧૨ જૂને થયેલા એર ઈન્ડિયાના અકસ્માત સાથે જોડાયેલો છે, જેમાં બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના બંને એન્જિનના ફ્યૂલ સ્વિચ અચાનક રનથી કટઑફ થઈ ગયા હતા. AAIB ના પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે, અકસ્માતની ઠીક પહેલા વિમાનના કૉકપિટમાં બંને ફ્યુલ સ્વિચ બંધ થઈ ગઈ હતી. કૉકપિટ વૉયસ રેકોર્ડિંગમાં સાંભળવા માળ્યું હતું કે, પાયલટે કો-પાયલટને પૂછ્યું કે, ફ્યૂલ કેમ બંધ કર્યું? ત્યારબાદ કો-પાયલટે કહ્યું કે, મેં નથી કર્યું. પરંતુ, રિપોર્ટમાં એવી કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી કે, સ્વિચ કોણે બંધ કરી અથવા સ્વિચ બંધ થવા પાછળના કયા કારણો જવાબદાર છે. તેમ છતા વૉલ સ્ટ્રીટ જર્નલે અમેરિકન અધિકારીના સૂત્રોને ટાંકીને દાવો કર્યો કે, કેપ્ટને જાણી જોઈને ફ્યૂલ સ્વિચ બંધ કરી દીધી. રૉયટર્સે પણ આવા સમાચાર છાપ્યા હતા, જેમાં કેપ્ટનને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. FIP ના અધ્યક્ષ કેપ્ટન સીએસ રંધાવાએ કડક વલણ અપનાવતા કહ્યું કે, AAIB ના રિપોર્ટમાં ક્યાંય એવું લખવામાં નથી આવ્યું કે, પાયલટની ભૂલથી ફ્યુલ સ્વિચ બંધ થઈ છે.

### ડૂબવાની જગ્યાએ પથ્થર તરવા લાગ્યો

## ગંગા નદીમાં ઘાટ પર તણાઈને આવ્યો ૨૦૦ કિલોનો પથ્થર

। (એજન્સી) ગાજીપુર, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લામાં ગંગા નદીના દદરી ઘાટ પર ૧૮ જૂલાઈના રોજ એક અનોખી ઘટનાએ સૌનું ધ્યાન ખેંચ્યું. શ્રાવણના મહિનામાં ગંગામાં એક વિશાળ પથ્થર તરતો દેખાયો. જેનો વજન લગભગ ૨૦૦થી ૩૦૦ કિલોગ્રામ હોવાનું કહેવાય છે. આ પથ્થરને જોઈ સ્થાનિક લોકોને પણ નવાઈ લાગી હતી. કારણ કે આટલો ભારે પથ્થર ડૂબવાની જગ્યાએ પાણીમાં તરી રહ્યો હતો. લોકોએ તેને રામાયણમાં વર્ણિત રામસેતૂના પથ્થર સાથે જોડીને જોઈ રહ્યા છે અને તરત તેની પૂજા અર્ચના શરુ કરી દીધી. ધૂપ, અગરબત્તી અને ફુલોથી આ પથ્થરની આરતી ઉતારવા લાગ્યા. પથ્થરને જોઈ શ્રદ્ધાળુઓની ભીડ દદરી ઘાટ પર એકઠી થવા લાગી.

ગાજીપુરના દદરી ઘાટ પર સવારના સમયે સ્થાનિક લોકોએ ગંગાની લહેરોમાં એક મોટો પથ્થર તરતો જોયો. અમુક તરવૈયા અને નાવિકો તેને ખેંચીને કિનારા પર લઈ આવ્યા, પણ નવાઈની વાત એ હતી કે આટલો ભારે પથ્થર પાણીમાં ડૂબતો નહોતો.

### એક જ દિવસમાં બે સ્ટુડન્ટના આપઘાત

## IIT ખડગપુરમાં વિદ્યાર્થીએ તો શારદા યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીએ જીવ ટૂંકાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

છેલ્લાં ઘણાં સમયથી વિદ્યાર્થીઓના આપઘાતના કેસમાં વધારો થઈ રહ્યો છે. એવામાં એક જ દિવસમાં બે રાજ્યમાંથી અલગ-અલગ આપઘાતના કેસ સામે આવ્યા છે. જેમાં ગ્રેટર નોઈડાની શારદા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બીડીએસ કોર્સની એક વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ત્યાં બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં બીટેકના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા રીતમ મંડળે પણ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. ગ્રેટર નોઈડાની શારદા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બીડીએસ કોર્સની એક વિદ્યાર્થિની દ્વારા કથિત ફાંસી લગાવીને આપ ઘાત કરવાનો કેસ સામે આવ્યો છે. આપઘાત પહેલાં વિદ્યાર્થિની દ્વારા લખવામાં આવેલી એક સ્યુસાઈડ નોટમાં બે શિક્ષકો દ્વારા હેરાન અને અપમાનિત કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસે આ મામલે FIR દાખલ કરી બંનેની ધરપકડ કરી છે. ઘટનાની જાણ થતા જ વિદ્યાર્થિનીના પરિજનો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીઓમાં ભારે હોબાળો કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના સ્ટાફ પર વિદ્યાર્થિનીને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ગુરૂગ્રામની રહેવાસી ૨૧ વર્ષીય વિદ્યાર્થિની જ્યોતિ શારદા યુનિવર્સિટીથી બીડીએસનો અભ્યાસ કરી રહી હતી. શુક્રવારે રાત્રે વિદ્યાર્થિનીએ હોસ્ટેલના રૂમમાં ફાંસો લગાવીને આપઘાત કર્યો હતો.

## વડોદરા કોર્પોરેશન દ્વારા દુકાનો હોટલો અને રેસ્ટોરન્ટમાં ચેકિંગ

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરા કોર્પોરેશનની ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફીસરો દ્વારા શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં મીઠાઈ ફરસાણની દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણીના સ્થળો વગેરે જગ્યાએ ચેકીંગની કામગીરી કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન મેંગો બરફી, ચોકલેટ બરફી, પાયનેપલ બરફી, કપાસીયા તેલ, લાલસેવ, ઉસળસેવ, મલબારીસેવ, બેસન, નાયલોન ખમણ, વાટીદાળના ખમણ, નાયલોન ખમણ, ખમણની ચટણી, હળદળ પાવડર, ધાણા પાવડર, મરચા પાવડર, અજમો, જીરૂ, વનસ્પતિ ઘી, ગરમ મસાલો, ચણાદાળ, બેસનની ચટણી, રેડ ચટણી, મંચુરીયન રાઈસ, નુડલ્સ, પ્રીપેર્ડ રાજમા, મીક્ષવેજ, કઠોળની સબજી વગેરેના નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. આ ઉપરાંત શહેરમાં સુસેન ચાર રસ્તાની આસપાસ આવેલ લારીઓ તેમજ દુકાનોમાં ફુડ ટેસ્ટીંગ વાન (ફુડ સેફટી ઓન વ્હીલ્સ) દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું. મરચુ પાવડર, બટર, તેલ, રેડ ચટણી, આઈસક્રીમ વિગેરેના ૪૩ નમુનાઓ સ્થળ પરજ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. વારંવાર તળવા માટે ઉપયોગમાં લેવાતા તેલમાં ટી.પી.સી. મશીન દ્વારા તેલની ટી.પી.સી. વેલ્યુ માપી હતી. જે તેલમાં ટી.પી.સી. વેલ્યુ હતી તેનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ચાઈનીઝ ફુડ લારીઓમાં કલર મળી આવતા તેનો પણ સ્થળ પરજ નાશ કર્યો હતો.

## ગુજરાતભરની આંગણવાડીની બહેનો પડતર પ્રશ્નો મુદ્દે રેલી યોજશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાત રાજ્યની આંગણવાડી બહેનો દ્વારા છેલ્લા બે વર્ષથી સરકાર સમક્ષ વિવિધ પડતર પ્રશ્નો અંગે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં આજદિન સુધી કોઈ પ્રશ્નોનું સમાધાન ન થતાં હવે બહેનો દ્વારા આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને પગલે ફરી એકવાર ગાંધીનગર આંદોલનના પડઘાથી ગુંજી ઉઠશે. ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા આગામી ૪ ઓગસ્ત ૨૦૨૫ના રોજ ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રેલી અને જાહેર સભા યોજાશે. ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા જાહેર કરાયેલી નોટીસ મુજબ તારીખ ૦૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સોમવાર, બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી, ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રેલી અને જાહેર સભા યોજાશે. આ નિર્ણય તારીખ ૧૨-૧૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશની કાર્ય સમિતિમાં ચર્ચા બાદ લેવામાં આવ્યો છે.

મુખ્ય માંગણીઓમાં નીચેના મુખ્ય પ્રશ્નો અંગે સરકાર સમક્ષ દબાણ બનાવવામાં આવશે.

આંગણવાડી કર્મચારી બહેનોની મુખ્ય માંગણીઓ

૧. **B.L.O.** કામગીરીમાંથી મુક્તિઃ બહેનોને તેમના મૂળ કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વધારાની જવાબદારીઓમાંથી મુક્તિ આપવી.

૨. **MMY** સ્ટોક માટે મહેનતાનુયુક્ત વળતરઃ છેલ્લા ચાર વર્ષથી પોષણ માટે **MMY** સ્ટોક ઉપ ાડવામાં આવે છે, જે માટે યોગ્ય વળતર આપવું.

૩. **FRS** સમસ્યાઓનું નિવારણઃ ફીલ્ડ રિપ ોર્ટિંગ સિસ્ટમમાં પડતી તકલીફો દૂર કરવા તંત્રની દખલદારી.

૪. અદાલતી ચુકાદાનો અમલઃ ગુજરાત તળી અદાલતના ચુકાદાને અમલમાં મૂકવા તાત્કાલિક પગલાં.

૫. સ્માર્ટ મોબાઈલની સુવિધાઃ કાર્યક્ષમતા વધારવા માટે સ્માર્ટફોનની જરૂરિયાત.

૬. સીધી ભરતીઃ યોગ્ય ઉમેદવારની પસંદગી માટે ઉમરલિખિત વિના સીધી ભરતી.

# કચ્છમાં રોજગારી વધારવા અદાણી પોર્ટ ખાતે ઉદ્યોગ-એકેડેમિયા વર્કશોપ

### પ્રાદેશિક વિકાસ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું

। મુન્દ્રા, તા.૧૯ ।

અદાણી બિઝનેસ યુનિટ્સ અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશન અને કચ્છ યુનિવર્સિટી સાથે ભાગીદારીમાં મુન્દ્રા ખાતે પરિવર્તનશીલ ઉદ્યોગ એકેડેમિયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના સૌથી મોટા વાણિજ્યિક બંદર મુન્દ્રા ખાતે પરિવર્તનશીલ ઉદ્યોગ-એકેડેમિયા વર્કશોપમાં કચ્છ યુનિવર્સિટીના માનનીય કુલપતિ, સંલગ્ન કોલેજોના આચાર્યો અને અદાણી સમૂહ ની વિવિધ કંપનીના વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ અદાણી ગ્રુપ દ્વારા કચ્છમાં રોજગારી અને પ્રાદેશિક વિકાસ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું હતું. જેમાં ઉદ્યોગ-એકેડેમિયા સિનર્જીને પ્રોત્સાહન, માનવ મૂડી એકત્રીકરણ દ્વારા પ્રાદેશિક વિકાસ અને કચ્છને આત્મનિર્ભર બનાવવાની સાથે રાષ્ટ્રનિર્માણ સહિતના મહત્વના બિંદુઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપીને અદાણી કુશળ, સશક્ત કાર્યબળ માટે માર્ગ મોકળો કરી રહ્યા છે જે કચ્છના આર્થિક અને સામાજિક વિકાસને આગળ ધપાવશે.

શૈક્ષણિક અભ્યાસક્રમ અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચેના અંતરને દૂર કરવાનો આ વર્કશોપનો ઉદ્દેશ્ય હતો, કચ્છના યુવાનોને બંદરો, વીજળી, સૌર, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ સહિત અદાણીના વિવિધ ક્ષેત્રોમાં ટકાઉ કારકિર્દી માટે તૈયાર કરાયેલા કૌશલ્યો સાથે સશક્ત બનાવવાનો હતો. રાષ્ટ્રીય વેપાર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર - મુન્દ્રા બંદરની પૃષ્ઠભૂમિ સામે આ કાર્યક્રમ ઉદ્યોગના નેતાઓ અને શૈક્ષણિક હિસ્સેદારો વચ્ચે ખુલ્લા સંવાદને સરળ બનાવતો હતો.



**વર્કશોપની વિશેષતાઓઃ**

- સુવિધા પ્રવાસો અને ચર્ચાઓઃ સહભાગીઓ મુન્દ્રા બંદર અને સૌર સુવિધાઓના પ્રવાસમાં જોડાયા, ત્યારબાદ શૈક્ષણિક પરિણામોને ઉદ્યોગની માંગ સાથે સંરેખિત કરવા ચર્ચાઓ કરવામાં આવી.
- એમઓયુ પર હસ્તાક્ષરઃ અદાણીના વ્યવસાયિક એકમોમાં સ્થાનિક યુવા રોજગારને પ્રોત્સાહન આપવા માટે એક સીમાચિહ્નરૂપ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- વ્યૂહાત્મક પહેલઃ સ્થાનિક પ્રતિભાઓને વાસ્તવિક સમયના વ્યવસાયિક વાતાવરણમાં એકીકૃત કરવા ઓન-ધ-જોબ ટ્રેનિંગ (OJT), ઉદ્યોગ-સંકલિત અભ્યાસક્રમ અને સોર્સ-ટ્રેન-ડિપ્લોય મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા.

લાંબા ગાળાના ફાયદાઓઃ

- કચ્છની કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે અનુરૂપ કારકિર્દી માર્ગો ખૂલશે.
- માનવ મૂડી એકત્રીકરણ દ્વારા પ્રાદેશિક વિકાસ થશે.
- અદાણીના વ્યવસાયિક એકમોમાં સ્થાનિક રોજગાર માટે એક મજબૂત પ્લેટફોર્મ મળશે.

કચ્છ યુનિવર્સિટીના ઉત્સાહી ભાગીદારીએ કચ્છને આત્મનિર્ભર પ્રતિભા કેન્દ્રમાં રૂપાંતરિત કરવાની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો, જે અદાણીના સંચાલન અને પ્રાદેશિક સમૃદ્ધિ બંનેને શક્તિ આપે છે.

આ પહેલ અદાણી ગ્રુપના ટકાઉ પ્રતિભા વિકાસ, સમુદાય ઉન્નતિ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. અદાણી ગ્રુપ બંદરો, વીજળી, નવીનીકરણીય ઉર્જા, ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને વધુમાં રસ ધરાવે છે. રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ, અદાણી નવીનતા, સમુદાય જોડાણ અને સમાવિષ્ટ વિકાસ દ્વારા ટકાઉ વિકાસને આગળ ધપાવે છે. કચ્છ યુનિવર્સિટી એક અગ્રણી શૈક્ષણિક સંસ્થા છે જે નવીન કાર્યક્રમો અને ભાગીદારી દ્વારા શૈક્ષણિક શ્રેષ્ઠતા અને પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.

## નવસારીની પૂર્ણા નદીમાં તર્પણ વિધિ દરમિયાન બે યુવાનો ડૂબ્યા

। (એજન્સી) નવસારી, તા.૧૯ ।

નવસારી પાસેથી પસાર થતી પૂર્ણા નદીમાં આજે એક કરુણ ઘટના બની હતી, જેમાં માતાની તર્પણ વિધિ કરવા ગયેલા બે યુવાનો નદીમાં ડૂબી ગયા હતા. આ દુર્ઘટનામાં એક યુવાનનું કરુણ મૃત્યુ થયું છે, જ્યારે અન્ય એકનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ બંને યુવાનો પોતાની માતાના તર્પણ વિધિ અર્થે પૂર્ણા નદીના કિનારે ગયા હતા. વિધિ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર બંને યુવાનો નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આસપાસ હાજર લોકોએ તાત્કાલિક મદદ માટે બૂમો પાડી હતી અને સ્થાનિક તરવૈયાઓ તથા બચાવ ટુકડીને જાણ કરવામાં આવી હતી.

# સાબરકાંઠાઃ ખેડૂત-પશુપાલકોની માંગણીઓના સમર્થનમાં કેજરીવાલની એન્ટ્રી ૨૩મીએ મોડાસામાં મહાપંચાયત

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૯ ।

હિંમતનગરમાં સાબર ડેરી ખાતે ખેડૂત-પશુપાલકો અને ડેરી તંત્ર વચ્ચે ૬ દિવસથી ચાલી રહેલા ભાવ ફેરફારનો વિરોધ યથાવત.આ વિવાદ વચ્ચે ખેડૂત-પશુપાલકોની માંગણીઓના સમર્થનમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની એન્ટ્રી, મોડાસા ખાતે ૨૩મીએ સવારે ૧૧ વાગે મહાપંચાયત કરશે. ખેડૂતો-પશુપાલકોના સમર્થનમાં મહાપંચાયત સભા આયોજનમાં કેજરીવાલ સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમજ આપના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, નવા ચૂંટાયેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પણ હાજરી આપશે. ૨૪મીએ આપના ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના મામલે ડેડિયાપાડા ખાતે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આપની વિસાવદર વિધાનસભાની બેઠક પેટા ચૂંટણીમાં જળવાઈ રહેતા અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં આગમી દિવસોમાં મહાનગરપાલીકા, નગરપાલીક, તાલુકા પંચાયતની ચુટણીઓ તેમજ ૨૦૨૭ના વિધાનસભા ઈલેક્શનને લઈને વધુ સક્રિય બન્યા છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ભાજપના રાજમાં ખેડૂતો અને પશુપાલકો સાથે અન્યાય થઈ રહ્યો છે. કે ભાજપના રાજમાં ખેડૂતો અને પશુપાલકો સાથે અન્યાય થઈ રહ્યો છે. ડેરીઓનો નફો પશુપાલકોને આપવાના બદલે ભાજપ ની સભામાં વાપરી નાખવામાં આવતો હોવાનો આક્ષેપ કરતા તેમણે જણાવ્યું હતું કે સાબર ડેરી ખાતે દૂધનો ભાવ ફેર માગવા ગયેલા પશુપાલકો ઉપર ભાજપ સરકારે લાઠીચાર્જ કરાવ્યો હતો. એક પશુપાલકનું આ ઘટનામાં મૃત્યુ પણ થયું હતું. તેમણે કહ્યું હતું કે જ્યારથી ભાજપ મેન્ડેટ પદ્ધતિ લાવ્યું છે ત્યારથી સહકારી મંડળીઓમાં સમસ્યાઓ શરૂ થઈ છે. કેજરીવાલ અને માન પશુપાલકો અને ખેડૂતોની મહાપંચાયતમાં હાજરી આપીને તેમના પ્રશ્નો ઊઠાવશે.

## વડોદરામાં દશામાની મૂર્તિઓના વિસર્જન માટે કોર્પોરેશનને કૃત્રિમ તળાવ બનાવ્યા

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દશામાની મૂર્તિઓના વિસર્જન માટે સાત કૃત્રિમ તળાવ બનાવવામાં આવેલા છે. શહેરમાં દર વર્ષે શ્રદ્ધાળુઓ દ્વારા દશામાની મૂર્તિઓનું મોટી સંખ્યામાં સ્થાપન કરવામાં આવે છે, ત્યારબાદ આ મૂર્તિઓનું શ્રદ્ધાભેર તળાવના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરમાં દર વર્ષની માફક મૂર્તિ વિસર્જન માટે તળાવની વ્યવસ્થા કરી છે. પૂર્વ ઝોનમાં કિશનવાડી અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરની બાજુમાં, હરણી હનુમાન મંદિરની સામેના કુંડમાં, પશ્ચિમ ઝોનમાં ગોરવા સ્થિત દશામા તળાવ, ભાયલી ખાતેનું તળાવ, બિલ મઢી સ્મશાન ખાતેનું તળાવ અને દક્ષિણ ઝોનમાં તરસાલી સર્કલ દિવાળીપુરાના મકાનો પાસે બનાવેલું તળાવ તેમજ મકરપુરા ગામ પાસે બનાવેલા તળાવમાં શ્રદ્ધાળુઓ મૂર્તિ વિસર્જન કરી શકશે.

# કોટવાળીયાઓને કમાઉ ઉદ્યોગસાહસિક બનાવતું અદાણી ફાઉન્ડેશન

। અમદાવાદ, તા.૧૯ ।

૩૨ વર્ષીય જસોદાબેન કોટવાળીયાએ અદાણી ફાઉન્ડેશનની મદદથી પોતાનું જીવન બદલી નાખ્યું છે, આદિવાસી ગામની પોતાની પરંપરાગત વાંસ કારીગરીને સમૃદ્ધ આજીવિકામાં ફેરવી દીધી છે. ૯મું ધોરણ પાસ જસોદાબેન એક સમયે પોતાની કુશળતાને ફક્ત ઘરગથ્થુ ઉપયોગમાં લેતા હતા. આજે તેઓ મહિલા કારીગરોના જૂથ આનંદી સખી મંડળનું નેતૃત્વ કરે છે.

અદાણી ફાઉન્ડેશને અનેકવિધ રીતે કોટવાળિયા સમાજના ઉત્થાન માટે પગલા ભર્યા છે. ઉત્થાન પ્રોજેક્ટે કેવડી પ્રાથમિક શાળામાં તેમના બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુરક્ષિત કર્યું. કારીગર કાર્ડ્સને સત્તાવાર માન્યતા, સરકારી યોજનાઓ અને તાલીમને ઉજાગર કરી. કૌશલ્ય વિકાસ કાર્યક્રમોએ આધુનિક ડિઝાઈન રજૂ કરી અને મશીનરી સપોર્ટે કાર્યક્ષમતામાં વધારો કર્યો, જેનાથી તેમને મોટા ઓર્ડર મળવાના શક્ય બન્યા.



વચેટિયાઓને દૂર કરીને ફાઉન્ડેશને જસોદાબેનને વાજબી ભાવ નક્કી કરવા અને પ્રદર્શનોમાં વન વિભાગના ગ્રામીણ મોલમાં સીધા વેચાણ કરવા માટે સશક્ત બનાવ્યા. જસોદાબેન જણાવે છે કે "પહેલાં તેમના કામથી કોઈ બીજા નફો કમાતા હતા. હવે, અમે અમારા કામનું મૂલ્ય જાણીએ છીએ." એક ગૃહિણીથી એક આત્મવિશ્વાસુ ઉદ્યોગસાહસિક બનવાની તેમની સફર બતાવે છે કે કેવી રીતે એક તક અને માર્ગદર્શન મહિલાઓ, પરિવારો અને સમુદાયોને ઉત્થાન આપી શકે છે. અદાણી ફાઉન્ડેશન હંમેશા કોટવાળીયા સમાજની પડખે પડછાયાની જેમ ઉભુ રહ્યું. વાંસના બારીક કામમાં નબળી દૃષ્ટિ અવરોધ બની શકે છે. ફાઉન્ડેશને તેમના પરિવાર માટે આંખની તપાસ શિબિરોનું આયોજન કર્યું, જેથી ખાતરી કરી શકાય કે સ્વાસ્થ્યની ચિંતાઓ વિના કાર્ય ચાલુ રાખી શકાય. ફાઉન્ડેશન સંચાલિત ઉત્થાન પ્રોજેક્ટને કારણે જશોદાબેનના બે બાળકોને કેવડી પ્રાથમિક શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે છે. કારીગરો તરીકે માન્યતા મેળવવામાં પણ તેમણે ખૂબ મદદ કરી છે. કારીગર કાર્ડ્સ થકી પહેલી વાર અમને અમારી પરંપરાગત કુશળતા માટે સત્તાવાર માન્યતા મળી. વળી તેનાથી સરકારી યોજનાઓ, તાલીમ અને પ્રદર્શનોમાં અમને પ્રવેશ મળ્યો જે ક્યારેક તેમની પહોંચ બહાર હતા.

કૌશલ્ય વિકાસ તાલીમ દ્વારા તેઓ આધુનિક ગ્રાહકોને આકર્ષિત કરતી હસ્તકલા ચીજવસ્તુઓ રજૂ કરતા શીખ્યા. પહેલાં તેઓ સંપૂર્ણપણે મેન્યુઅલ ટૂલ્સ પર આધાર રાખતા હતા, જે કંટાળાજનક અને સમય માંગી લેતાં હતાં. તેવામાં ફાઉન્ડેશન તરફથી મશીનરી સપોર્ટથી ઝડપી અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો બનાવવામાં તેમજ આત્મવિશ્વાસ સાથે મોટા ઓર્ડર લેવામાં મદદ મળી.

આજે તેઓ તેમના ઉત્પાદનો ફક્ત પ્રદર્શનોમાં જ નહીં પરંતુ ગ્રામીણ મોલમાં વેચતા થયા છે. આ પ્લેટફોર્મ્સે તેમને ગ્રાહકો અને સરકારી ખરીદદારો સાથે સીધા જોડ્યા છે – તેમનું જીવન નખશીખ બદલાયું છે.

### આયોજકોને મળી મોટી રાહત

## રાજકોટના લોકમેળાને લઈને રાજ્ય સરકારે SOPના નિયમો હળવા કર્યા

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક જગ્યાએ જન્માષ્ટમી દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવે છે, ત્યારે લોકમેળામાં કોઈ દુર્ઘટના ન સર્જાઈ અને સાવચેતીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે SOP ઘડવામાં આવી છે. જેમાં છેલ્લા બે વર્ષ થી SOPના કડક નિયમો હોવાથી રાજકોટના લોકમેળાને લઈને ઘણી અટકળો સામે આવી હતી. લોકમેળાના ફોર્મ ભરવાની ત્રીજી મુદત પૂર્ણ થઈ હોવા છતાં રાઈડ્સના ફોર્મ ન ભરાયા હોવાનું પણ સામે આવ્યું હતું. જેની પાછળનું કારણ સખત SOP હોવાનું જણાયું હતું. જ્યારે હવે રાજ્ય સરકારે લોકમેળાને લઈને SOPના નિયમો હળવા કર્યા છે, ત્યારે આયોજકો સહિતના લોકોને મોટી રાહત મળશે. રાજ્યમાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ના નિયમોને રાજકોટમાં લોકમેળો યોજાશે કે નહીં તેવા સવાલો ઊભા થયા હતા. જ્યારે હવે સરકારે SOPના નિયમો હળવા કર્યા છે, ત્યારે આયોજકો અને મેળાના ચાહકોએ રાહત અનુભવી છે.

નવા નિયમો મુજબ, હવે મેળામાં સ્થાપિત કરાતી દુકાનો કે સ્ટોલમાં હવે RRC ફાઉન્ડેશન ફરજિયાત રહેશે નહીં. જેમાં હવે સોઈલ ટેસ્ટ રિપોર્ટને માન્ય રાખવામાં આવશે. આમ થવાથી આયોજકોને વધુ ખર્ચ થતો અટકશે અને સમયનો વ્યય નહીં થાય. આ ઉપરાંત, લોકમેળાને લઈને કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે સરકારે સ્થાનિક તંત્રને છૂટ આપવામાં આવી છે. જેમાં સ્થાનિક તંત્રના દિશાનિર્દેશ મુજબ અથવા માર્ગદર્શન-સૂચનાને ધ્યાનમાં રાખવામાં આવશે.

# RPF અમદાવાદ મંડળએ વિવિધ ઝુંબેશ ના હેઠળ કર્યા પ્રશંસનીય કાર્ય

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના રેલવે પ્રોટેક્શન ફોર્સ **(RPF)** દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવાની પ્રતિબદ્ધતા ની સાથે-સાથે જુલાઈ મહિના દરમિયાન (૦૧.૦૭.૨૦૨૫ થી ૧૪.૦૭.૨૦૨૫ સુધી) "સેવા હી સંકલ્પ" હેઠળ આઈજી-સહ-પ્રધાન ચીફ સિક્યુરિટી કમિશનર શ્રી અજય સદાનીના સક્ષમ નેતૃત્વ હેઠળ સતત આગળ વધીને રેલવે પરિસર, રેલવે મુસાફરો અને માળખાગત સુવિધાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર સમર્પણ અને કાર્યક્ષમતા દર્શાવી છે, જેના હેઠળ વિવિધ ઝુંબેશમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોને વિવિધ રીતે સેવા પૂરી પાડી રહ્યું છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫ માં જુલાઈ મહિનામાં ૧૪ દિવસમાં કરવામાં આવેલા ઉત્તમ કાર્યની વિગતો નીચે મુજબ છેઃ

- રેલવે પ્રોટેક્શન ફોર્સે દ્વારા "ઓપરેશન નાર્કોસ" હેઠળ લાખો રૂપિયાના માદક પદાર્થ જપ્ત કર્યાઃ રેલવે પ્રોટેક્શન ફોર્સે "ઓપરેશન નાર્કોસ" હેઠળ બે વ્યક્તિઓને પકડ્યા અને બંને વ્યક્તિઓની બેગની તપાસ કરતાં બેગમાંથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજો અંદાજિત રકમ ૬૩૦૦૦/- રૂપિયા હોવાનું જાણવા મળ્યું. બંને આરોપીઓને રાજકીય રેલવે પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યા.
- **RPF** એ "ઓપરેશન સતર્ક" ના હેઠળ દારૂ જપ્ત કર્યોઃ - રેલવે પ્રોટેક્શન ફોર્સે પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં "ઓપરેશન સતર્ક" હેઠળ વિવિધ



પેસેન્જર ગાડીઓ/રેલવે સ્ટેશનો પર સઘન ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર દારૂની દાણચોરીના ૦૪ કેસ શોધી કાઢ્યા અને રૂ. ૩૫,૮૦૦/- ની કિંમતનો ગેરકાયદેસર દારૂ જપ્ત કર્યો અને ૦૨ આરોપીઓની ધરપકડ કરી અને આગળની કાનૂની કાર્યવાહી માટે સંબંધિત રાજકીય રેલવે પોલીસને સોંપી દીધા. જ્યાં આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

- રેલવે પ્રોટેક્શન ફોર્સેએ મુસાફરોના સામાન ચોરોને પકડ્યાઃ - રેલવે પ્રોટેક્શન ફોર્સે, "ઓપરેશન યાત્રી સુરક્ષા " હેઠળ પોતાની ફરજ દરમિયાન સતર્ક રહીને પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં વિવિધ પેસેન્જર ગાડીઓ/ રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભીડમાં ખિસ્સાકાતરૂ/ચોરી કરવાનો પ્રયાસ કરતા કુલ ૦૯ આરોપીઓને રેલવે પ્રોટેક્શન ફોર્સેના ક્રાઈમ રોકથામ ટીમ દ્વારા પકડીને તેમને કાનૂની કાર્યવાહી હેતુ સંબંધિત રાજકીય રેલવે પોલીસને સોંપ્યા હતા.
- રેલવે પ્રોટેક્શન ફોર્સે દ્વારા મુસાફરોના ખોવાયેલ સામાન મળી આવતા, મુસાફરોમાં ખુશીની લહેરઃ રેલવે પ્રોટેક્શન ફોર્સે દ્વારા "ઓપરેશન અમાનત" હેઠળ ફરજ દરમિયાન સહયોગ ની ભાવના દર્શાવી અને પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં વિવિધ રેલવે સ્ટેશનો/પેસેન્જર ગાડીઓ મુસાફરી કરી રહેલા કુલ ૦૮ મુસાફરોનો લગભગ ૨૮૬૦૦૦/- રૂપિયાની કિંમતનો ભૂલથી ખોવાયેલો મુસાફરોનો સામાન મુસાફરોને સુરક્ષિત રીતે પરત કર્યો.
- રેલવે પ્રોટેક્શન ફોર્સે રેલવે મિલકત ચોરી કરનારા ચોરોને પકડ્યાઃ રેલવે પ્રોટેક્શન ફોર્સે "ઓપરેશન રેલ સુરક્ષા " હેઠળ પોતાની ફરજ દરમિયાન સતર્ક રહીને, પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં રેલવે મિલકત ચોરીના ૦૧ કેસમાં ૦૧ આરોપીને રેલવે પ્રોટેક્શન ફોર્સ ક્રાઈમ રોકથામ ટીમ દ્વારા પકડીને, આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.
- ખીલખીલી ઉઠ્યા ચહેરાઓ જયારે રેલવે પ્રોટેક્શન ફોર્સેએ ચાલતી ટ્રેનમાંથી પડતા બચાયા : પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં રેલવે પ્રોટેક્શન ફોર્સેએ "ઓપરેશન જીવન રક્ષા" હેઠળ સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનો પ્રયાસ કરતી એક મહિલા મુસાફરને પોતાના જીવની ચિંતા કર્યા વગર ચાલતી ટ્રેનમાંથી પડતા બચાવીને પ્રશંસનીય કાર્ય કર્યું. આ અભિયાન, જે મુસાફરોની સુરક્ષા અને કલ્યાણ માટે સમર્પિત છે. રેલવે પ્રોટેક્શન ફોર્સની તમામને અપીલ કરી છે કે ચાલતી ટ્રેનમાં ચઢવા કે ઉતરવાનો પ્રયાસ ન કરો.
- રેલવે પ્રોટેક્શન ફોર્સે રેલવે ટ્રેનોની અવરજવરને અસર કરનારાઓ સામે કાર્યવાહી કરીઃ રેલવે પ્રોટેક્શન ફોર્સે દ્વારા પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં "ઓપરેશન સમય પાલન હેઠળ પેસેન્જર ગાડીઓમાં ચેઈન પુલિંગ કરીને અભાગમન ને પ્રભાવિત કરનારાઓ સામે કાર્યવાહી કરતા કુલ ૬૩ કેસમાં ૪૨ આરોપીઓને પકડ્યા, જેમની સામે રેલવે એક્ટ હેઠળ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.
- રેલવે પ્રોટેક્શન ફોર્સે મુસાફરોને જાગૃત કરવા માટે ચલાવ્યું અભિયાન : રેલવે પ્રોટેક્શન ફોર્સે પશ્ચિમ રેલવે અમદાવાદ અધિકારક્ષેત્રમાં ‘‘ઓપરેશન જનજાગરણ’’ હેઠળ તમામ **RPF** પોસ્ટ/ચોકીઓ પર બેનરો, **PA** સિસ્ટમ દ્વારા જાહેરાતો કરીને ગામના સરપંચો/પ્રધાનો સાથે બેઠકો કરીને જનજાગૃતિ કાર્યક્રમ રેલવે લાઈન પાર ના કરે ટ્રેનો પર પથ્થરમારો ન કરવો, નશાખોરી, મહિલા સુરક્ષા, માનવ તસ્કરી વગેરે મુદ્દાઓ પર આયોજન કરવામાં આવ્યાછે. આ ઉપરાંત, અમદાવાદ સ્ટેશન પર **RDN** (રેલવે ડિસ્પ્લે નેટવર્ક) પર મુસાફરોને જાગૃત કરવાના વીડિયો પણ પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ચંદ્રને મામા જ તેમ કહેવાય છે, કાકા, માસા કે ફૂઆ કેમ નહીં?



સવાલ ભલે થોડો અળવિતરો લાગે પણ છે એકદમ મુદ્દાનો. અત્યાર સુધી ભલે તમને આ સવાલ ના થયો હોય પણ હવે ચોક્કસ જ વાંચીને તમને પણ ઉત્સુક્તા તો થઈ જ હશે ને કે હા રે, ચાંદાને હંમેશા મામા તરીકે જ કેમ સંબોધવામાં આવે છે? કેમ આપણે તેને માસા, કાકા, ભાઈ કે ફૂઆ તરીકે નથી સંબોધતા? થોડા ફ્લેશબેકમાં જઈએ અને બાળપણમાં જઈએ તો અત્યાર સુધી ચંદ્રને લગતી બધી વાર્તાઓ કે કવિતાઓમાં તેને મામા તરીકે દર્શાવવામાં આવ્યો છે. ચંદામામા દૂર કે હોય કે પછી ચંદામામા કી બારાત હોયપ પરંતુ શું તમે ક્યારેય તમને સવાલ થયો છે કે શા માટે દરેક વખતે ચંદ્રને મામા જ બનાવવામાં આવે છે. તેને કાકા, માસા કે ફુઆ કેમ નથી બનાવાતા. ચાલો, આજે આપણે આ પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું. ચંદાના મામા બનવા પાછળ કોઈ એક વાર્તા નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક, પૌરાણિક અને ભૌગોલિક કારણો પણ જવાબદાર છે. ધાર્મિક દષ્ટિકોણથી જોઈએ અને વાત કરીએ તો ચંદ્રને મા લક્ષ્મીનો ભાઈ માનવામાં આવે છે અને આપણે બધા જ મા લક્ષ્મીને માતા માનીએ છીએ એટલે માતાના ભાઈને આપણે મામા કહીને જ બોલાવીએ છીએ ને? હવે આગળ વધીએ અને વાત કરીએ બીજા કારણ વિશે તો આ કારણ ભૌગોલિક છે. આ ભૌગોલિક કારણ અનુસાર ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આ દષ્ટિકોણથી ભાઈ અને બહેનના સંબંધને જોઈએ તો ભાઈ પણ તેની બહેનની આગળ પાછળ ફરે છે. આવી પરિસ્થિતિમાં ચંદ્રની પૃથ્વીની આસપાસ ફરવાની વૃત્તિ ભાઈ-બહેનના સંબંધ સાથે જોડવામાં આવે છે અને આપણે પૃથ્વીને માતા કહીએ છીએ એટલે આ કારણે પણ આપણે ચંદ્રને મામા કહેતા થઈ ગયા છીએ.

## કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતી વખતે ધ્યાનમાં રાખો આ બાબતો

કાર ઈન્સ્યોરન્સ ક્લેઈમ લેવો ભલે આપણને ગમે એટલું સરળ લાગે, પરંતુ હકીકતમાં તો આ કામ એક થકવી નાખનારી પ્રક્રિયા બની શકે છે. ઈન્શ્યોરન્સના ક્લેઈમના પૈસા મેળવવા એ કંઈ એટલું સરળ કામ નથી. જોકે, ક્લેઈમ દાખલ કરતા પહેલાં, તમે પૂરતી માહિતી લઈ લો અને પુષ્ટિ કરેલી વિગતો સાથે તમારો ક્લેઈમ તૈયાર કરો છો તો તમારો ક્લેઈમ ઝડપથી પાસ થઈ શકે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે કાર વીમાનો દાવો કર્યા પછી, વીમા કંપની કેટલીક ત્રુટિઓને કારણે ક્લેઈમ રિજેક્ટ કરી નાખે છે અને અંદરખાને તો દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે તેનો ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે.

હવે આ બધા વચ્ચે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આખરે વીમાનો ક્લેઈમ કરવાની સાચી રીત કઈ છે? એવું શું કરવું જોઈએ કે જેથી કરીને તમને તમારા ક્લેઈમની પૂરેપૂરી રકમ મળે અને ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે. આજે આપણે અહીં આ વિશે જ વાત કરીશું કે એવા કયા પાંચ મુદ્દાઓ છે કે જેને ધ્યાનમાં રાખીને તમે તમારો ક્લેઈમ પાસ કરાવી શકો છો.

ફોર વ્હીલર વીમાના દાવાઓ નકારવામાં આવે તે સામાન્ય બાબત છે. ઘણા લોકોએ આ



વાતનો અનુભવ કર્યો હશે. જો કે, તમારું ક્લેમ ફોર્મ ભરતા પહેલા આ પાંચ બાબતોને ધ્યાનમાં રાખો. હોન્ડા અથવા મારુતિ વીમા દાવો ફાઈલ કરતા પહેલા આ મુદ્દાઓને અનુસરો.

એફઆઈઆર રજિસ્ટર્ડ કરાવો સૌથી પહેલાં તો કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતાં પહેલાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી લો. તમારી કારને કેટલું નુકસાન થયું છે એ ધ્યાનમાં લીધા વિના, ક્લેઈ દાખલ કરીને તમારા ક્લેઈમ વેરિફાઈ થાય છે. એની સાથે સાથે જ કાયદાકીય કાર્યવાહીની સાથે જરૂરી પુરાવા પણ એકઠા કરવામાં આવે છે.

કેટલીક વીમા કંપનીઓ કાર અકસ્માત, ચોરી, જાન-માલની ખોટ વગેરે માટે FIRની માંગણી કરે છે. બીજી બાજું, એફઆઈઆરની નકલ આપવાથી દાવો મજબૂત થાય છે.

ઈન્શ્યોરન્સ કંપનીને આપો પૂરેપૂરી માહિતી જી હા, ઈન્શ્યોરન્સ કંપનીને પૂરેપૂરી સાચી માહિતી આપવી ખૂબ જ જરૂરી છે. જો તમે કોઈપણ માહિતી છુપાવો છો, તો તમારે પછીથી તમારે રિજેક્શનનનો સામનો કરવો પડી શકે છે. આ જ તાકણે ક્લેઈમ સાથે, વીમા પોલિસીના દસ્તાવેજો, કારનું નોંધણી પ્રમાણપત્ર (RC), ડ્રાઈવિંગ લાઈસન્સ, ક્લેંઈની નકલ પણ જોડો.

ક્લેઈમ માટેના ફોર્મમાં હંમેશા સાચી અને સચોટ માહિતી ભરવી જોઈએ. દાવાની ફોર્મ પ્રમાણિકતાથી ભરો અને ખાતરી કરો કે ફોર્મમાં તમારાથી કોઈ ભૂલ નથી કરી. એમાં પણ ખાસ કરીને સ્પેલિંગ કે ટાઈપિંગમાં કોઈ ભૂલ ન થાય એનું ખાસ ધ્યાન રાખો. નામ, પોલિસી નંબર, કાર રજીસ્ટ્રેશન નંબર અને અન્ય વિગતો સારી રીતે તપાસો.


કાર ઈન્શ્યોરન્સ પોલિસીના નિયમો અને શરતો વાંચવી ખૂબ જ જરૂરી છે. જો તમે પોલિસી સંબંધિત બાબતોને સારી રીતે વાંચીને, તમે કવરેજ અને દાવાની પ્રક્રિયા વિશે પૂરેપૂરી માહિતી મેળવી લો છો.

## પગ ધોઈને સુવાથી સ્વાસ્થ્યને ૫ ગજબના ફાયદા



જો તમે અત્યાર સુધી દિવસભરના કામકાજ બાદ પગ ધોયા વગર બેડ પર સુવા પહોંચી જાવ છો તો તમારે તમારી આ આદતને તત્કાલ બદલવાની જરૂર છે. આમ કરવાથી તમે અજાણતા તે હેલ્થ બેનિફિટ્સને ખુદથી દૂર કરી રહ્યાં છો જે રાત્રે પગ ધોઈને સુવાથી મળે છે. તમને ખ્યાલ નહીં હોય કે પગ ધોઈને સુવુ માત્ર હાઈજીન નથી પરંતુ તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. તેવામાં આજે અમે તમને રાત્રે પગ ધોઈને સુવાથી મળતા ફાયદા વિશે જણાવીશું. વ્યક્તિના શરીરનું સમગ્ર વજન તેના પગ દ્વારા દિવસ દરમિયાન વહન કરવામાં આવે છે. જેના કારણે પગમાં જકડાઈ જવા કે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો તમને પણ આ સમસ્યા હોય તો રાત્રે સૂતા પહેલા પગ ધોયા પછી જ સૂઈ જાઓ. આમ કરવાથી માત્ર પગની માંસપેશીઓ જ નહીં પરંતુ સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.

## આંખને પરેશાન કરતો કન્જક્ટિવાઇટિસ રોગ શું છે?



કંજક્ટીવાઈટીસ એટલે આંખ આવવી. હાલ આંખ આવવાના કિસ્સા ખુબ વધી રહ્યા છે. એપેડેમિકના કારણે આંખ આવતી હોય છે અથવા તો ઈન્ફેક્શનને કારણે પણ થતુ હોય છે. એડિનો વાયરલને કારણે આંખ આવી શકે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન અથવા સિઝનલ સ્પાઈકના કારણે આંખ આવવાના કેસ વધતા હોય છે. આ મામલે ડોકટર મેહુલ પનારાનું કહેવુ છે કે, ૫-૭ દિવસ સુધી તેની અસર રહેતી હોય છે. તેમાં એન્ટિબાયોટીક ટીપાનો ઉપયોગ કરી શકાય છે.

આંખ આવી હોય ત્યારે સાફ રૂમાલનો ઉપયોગ કરવો, ચશ્મા પહેરેલા રાખવા, વારંવાર હાથ ધોતા રહેવું, તમારો રૂમાલ અન્ય કોઈને ન આપવો, વારંવાર હાથ ન લગાડવો, સ્ટીરોઈડ વાળા ટીપા નાખવાનું ટાળવું, ભીડ ભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું અને જરૂર જણાય તો આઈસ પેકથી શેક કરી શકાય છે. આંખમાં વધારે બળતરા થતી હોય તો તબીબની સલાહ લેવી જોઈએ. સાબુથી અને ગરમ પાણીથી હાથ ધોવા. આંખોમાં ટીપાં મૂકતી વખતે પહેલાં અને પછી હાથ સાફ કરવા. આંખોને વારંવાર સ્પર્શ કરવાનું અને કોન્ટેક્ટ લેન્સ પહેરવાનું ટાળવું. અનિવાર્ય હોય તો ડોક્ટરની સલાહ જરૂર લેવી. દર્દીની ચાદર, ઓશિકાનું કવર, કપડાં, રૂમાલને ડીટર્જન્ટ પાઉડરથી ધોવા. તેમની રોજિંદી વપરાશની વસ્તુઓને બીજાને વાપરવા ના દેવી. સ્વિમિંગ પુલનો વપરાશ ટાળવો. આઈ ડ્રોપનો ઉપયોગ કરતા પહેલાં ડોક્ટરની સલાહ અવશ્ય લેવી.

## પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ

વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે. ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક્ તિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિબીજાંઝાડ-છોડવાનામુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે.વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્રૃલેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે. આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે.

દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે. રાજ્યની દષ્ટિએ જોઈએ તો ભારતમાં સૌથી વધારે વાંસનું ઉત્પાદન કરનારું રાજ્ય મિઝોરમ છે. અહીં લગભગ ૧.૫ કરોડ હેક્ટર ક્ષેત્રમાં વાંસની ખેતી થાય છે. મિઝોરમ ઉપરાંત ભારતમાં વાંસનું ઉત્પાદન કરનારા રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપૂરા છે. દેશના બીજાં રાજ્યોમાં અને ક્ષેત્રોમાં વાંસનું ઉત્પાદન કરવામાં આવે છે, પણ સૌથી વધારે વાંસ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જ ઉત્પન્ન થાય છે. ખેડૂતો માટે આર્થિક દષ્ટિથી પણ વાંસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## આ બે વસ્તુથી અઢળક હેલ્થ બેનેફિટ્સ



લસણ અને મધ ખાવાના ફાયદા તો આપણે બધા જ જાણીએ છીએ અને બંને વસ્તુઓ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ બંને વસ્તુઓનું સેવન કરવાથી અનેક બીમારીઓ દૂર રહે છે.


પરંતુ જ્યારે આ બંને વસ્તુઓ એક સાથે ખાવામાં આવે ત્યારે શું થાય છે? એવો સવાલ થયો છે? જ્યારે લસણ અને મધ બંનેને અલગ અલગ ખાવાથી આટલા બધા ફાયદા થતાં હોય છે, તો એનું એક સાથે સેવન કરવાથી સ્વાસ્થ્યને કેટલો ફાયદો થઈ શકે છે એની કલ્પના જ કરવી રહી. લસણ અને મધ બંને ઘણા જરૂરી પોષક તત્વોથી ભરપૂર છે અને આ જ કારણ છે કે તેને ખાવાથી શરીરને પુષ્કળ લાભ મળી શકે છે. જો તમે ખાલી પેટે લસણ અને મધનું એક સાથે સેવન કરો છો, તો તમારી અનેક સ્વાસ્થ્યની સમસ્યાઓ દૂર થઈ જાય છે. આવું એટલા માટે છે કારણ કે તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનું કામ કરે છે. આટલું જ નહીં, તેનું એકસાથે સેવન કરવાથી હૃદય સંબંધિત ઘણી ગંભીર બીમારીઓ પણ દૂર થઈ શકે છે. ચાલો જાણીએ કે દરરોજ સવારે ખાલી પેટે લસણ અને મધનું સેવન કરવું જોઈએ.

## છેતરાઈ ગયા છીએ એવું જાણ્યા બાદ આવેલું ડહાપણ શું કામનું?



તમને ક્યારેય એવું લાગે છે કે તમે સંબંધમાં છેતરાઈ રહ્યા છો? તમારા ગમતાં લોકો જ તમારી સાથે ગેમ રમી રહ્યા છે? શું તમારી લાગણીઓનો સામે પક્ષે ઉપયોગ થઈ રહ્યો છે? જો હા, તો આ લેખ તમારા માટે જ છે. આપણાં મનગમતાં સંબંધો મનને ઉઝરડા આપી રહ્યાની જાણ હોવા છતાં એને નથી છોડી શકતાં, કારણ કે કેટલાક સંબંધો હોય જ છે એવા કે નથી તોડી શકાતાં કે નથી એનાથી દૂરી સહન થતી. આ સંબંધ એકાંતમાં જેટલી તકલીફ આપે છે એટલી તકલીફ જાહેરમાં પણ અન્ય કોઈ સંબંધ થકી નથી મળતી. આ જાણતા હોવા છતાંય આપણે જાણીજોઈને આપણી જાતને ખાડામાં નાખીએ છીએ અને પછી અન્ય પર દોષારોપણ કરીએ છીએ. હકીકતમાં અહીં ખામી આપણામાં છે, તકલીફ આપણી છે કે આપણે પરિસ્થિતિ પ્રમાણે ઢળી નથી શકતાં. સામેવાળાને જ્યાં સુધી આપણે યુઝફૂલ હતાં ત્યાં સુધી એના માટે આપણે ટોપ મોસ્ટ પ્રાયોરિટીમાં હતાં, પણ જેવા આપણે નકામાં બની ગયાં અથવા તો એ વ્યક્તિ આપણાથી ઉબાઈ ગઈ એટલે તરત જ સંબંધમાં વળતાં પાણી શરૂ થાય છે અને એ પણ એમની સાઈડથી, કારણ કે આપણું સ્ટેન્ડ તો ક્લીયર હોય છે. કંઈપણ થાય આપણે તો બસ નિભાવવું જ છે. આપણે તો મહાન બનીને, દર્દ સહન કરીને, કોઈપણ ભોગે એ વ્યક્તિ સાથેના સંબંધ જાળવી રાખવા છે. આ બાબત સામેવાળી વ્યક્તિ જાણતી હોય છે અને આપણી નબળાઈનો ફાયદો ઉઠાવીને છેતરવા માટે આ જ વસ્તુનો ઉપયોગ કરતી હોય છે. આ સૌથી મોટી ભૂલ સાબિત થાય એ પહેલાં જે તે સંબંધને તોડી નાખતા શીખવું એ આજના સમયની જરૂરિયાત બની ગઈ છે. ઉપયોગ કર્યા બાદ ફેંકાઈ ગયા છીએ એવું જાણીને આવેલું ડહાપણ શું કામનું? લાભ ઉઠાવાઈ ગયા બાદ બિન્દાસ્ત રહીને પણ શું ફેર પડશે? બધી બાજુએથી લૂંટાઈ ગયાં પછી દિલના દરવાજે તાળું મારવાનો શું મતલબ? બે કોડીના લોકો કે જેને આપણી લાગણીની નથી પડી હોતી, એ આપણી લાગણી સાથે રમી જાય એવા મૂર્ખ બનવા કરતાં એના માટે નકામાં બનવું વધુ સારું. પાત્રતા વગર એક મિનિટ પણ કોઈના માટે ન બગાડીને એ એક મિનિટ વાહિયાત કામમાં ઈન્વેસ્ટ કરવી સારી. જ્યાં કામ પૂરું થયાં પછી એના નિયરેસ્ટ ઝોનમાં રહેવા માટેની કાકલૂદી કરવા કરતાં આપણા ખુદના ઝોનમાં આપણી જાત સાથેનો સંવાદ વધુ બેસ્ટ રહે. કોઈપણ માટે એટલા સસ્તાં પણ ન બનીએ કે લોકો સાવ મફતમાં માગી જાય. આપણા એક એક શબ્દની વેલ્યૂ હોવી જોઈએ. આપણી એક એક મિનિટ જ્યાં ઈન્વેસ્ટ કરીએ છીએ એનું રિટર્ન મળવું જોઈએ. આપણી યાદોમાં જેનું સ્થાન કાયમ છે એની નજરમાં આપણું સ્થાન ઊંચું હોવું જરૂરી છે. જો એમ નથી તો આવો સંબંધ આપણા માટે વોર્નિંગ બેલ સમાન છે, પણ આપણા બધાની તકલીફ એ છે કે આપણને સતત કોઈની હાજરી જોઈએ છે. આપણે સતત કોઈનો સાથ ઝંખીએ છીએ. અન્ય સામે આપણે કેટલાં કાબિલ અને જ્ઞાની છીએ એ પ્રદર્શિત કરવા માગીએ છીએ અને આમ કરવાનું રીઝન એ છે કે આપણને સતત કોઈનું એટેન્શન મળી રહે એ ગમતું હોય છે. એ મેળવવા માટે થઈને કોઈ આપણી સાથે ખોટી હમદર્દી બતાવી જાય તો પણ એ ઓળખવાની ક્ષમતા આપણે ગુમાવી દીધી હોય છે. આપણા દિલને પેમ્પર કરવાવાળું ન હોય તો જાણે હાર્ટએટેક આવે એ હદે નાસીપાસ થઈ જતાં હોઈએ છીએ. અરે થોડાંક સમય માટે પણ એકલું રહેવાનું થાય તોય જાણે ગમગીનીની ચાદરમાં લપેટાઈ ગયાં હોઈએ એવી લાગણી થાય છે. આપણને કોઈ છેતરી ગયું, આપણો ઉપયોગ થઈ ગયો, આપણી સાથે ગેમ રમાઈ ગઈ, આવું કહેતાં પહેલાં વિચારવું કે આમ કરવાનો અધિકાર આપનાર આપણે જ હતાં. એ વ્યક્તિ આપણી મરજીથી આગળ વધી હતી.

## એકલતા બની શકે છે એક શ્રાપ



આ પૃથ્વી પર લગભગ ૮ અબજ મનુષ્ય વસે છે. આટલી આબાદી હોવા છતાં કોઈનું કોઈની સાથે જામતું નથી. બધા જ પોતપોતાના સ્વાર્થ ખાતર જીવે છે. માટે જ કુટુંબમાં, પાડોશમાં, સમાજમાં અને બે દેશ વચ્ચે હંમેશાં ઘર્ષણ રહ્યા કરે છે. પરિણામ સ્વરૂપે લગભગ બધા પોતપોતાના વાડા બનાવીને સંકુચિત જીવન જીવતા થઈ ગયા છે. આ દુનિયામાં લાખો-કરોડો વ્યક્તિઓ હોવા છતાં, લોકો એકલા પડી જાય છે. એકલાપણું એક માનસિક મહારોગ છે અને નાની-મોટી બીમારીના બીજ વાવે છે. એકલતા એક સામાજિક સમસ્યા પણ છે. જે વ્યક્તિ કોઈ કારણવશ એકલા પડી જાય છે, તેઓ સમાજમાં હળી મળી શકતા નથી, કોઈ પણ સામાજિક પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી અને સામાજિક વ્યવસ્થા પર બોજ બનીને રહી જાય છે. એકલતાના ત્રણ મુખ્ય પ્રકાર છે. (૧) ઈમોશનલ લોન્લીનેસ (લાગણીની એકલતા):- આવા વ્યક્તિઓ કોઈની સાથે આત્મિયતા સાધી શકતા નથી, મનની વાત કહી શકતા નથી. કોઈની સાથે તેઓ આત્મસંબંધ બાંધી શકતા નથી. ઘણી વખત પતિ-પત્ની વચ્ચે પણ આત્મિયતા હોતી નથી અને માત્ર ઔપચારિક વ્યવહાર હોય છે. લાગણીની એકલતા એ જ ડાઈવોર્સનું મુખ્ય કારણ છે. (૨) સોશિયલ લોન્લીનેસ (સામાજિક એકલતા):- આવા વ્યક્તિનું સામાજિક વર્તુળ નહીં બરાબર હોય છે. ઘરથી કામ સુધી અને પછી કામથી ઘર એજ એમની પ્રવૃત્તિ. એમનાં કોઈ ખાસ મિત્રો હોતા નથી અને તેઓ કોઈ સામાજિક કાર્યમાં જોડાતા નથી. પોતાનું ઘર પીંજરા સમાન બની જાય છે. (૩) એક્ઝિસ્ટેશિયલ લોન્લીનેસ (વિશ્રૃવ એકલતા):- આવા વ્યક્તિ નિરર્થક જીવન જીવતા હોય છે. તેમને આ જીવનનો હેતું શું છે એ જ સમજાતું નથી. માટે કોઈ પણ પ્રવૃત્તિમાં તેઓ રસ લેતા નથી. તેમને બધી જ રીતે વાંધો હોય છે અને સત્યનો સ્વીકાર કરી શકતા નથી. તેઓ વિકૃત હઠ અને વટથી ભરેલા હોય છે અને એકલવાયું જીવન જીવે છે.

## એસીની બાજુંમાં ટીવી હોય તો થઈ જજો એલર્ટ, બૂમરાડ પડાવી દે તેવો ખર્ચો માથે પડશે

ભીષણ ગરમી સામે લડવા માટે ઘણા લોકો Air Conditionersનો ઉપયોગ કરે છે. તેની માંગ દિવસેને દિવસે વધી રહી છે. પરંતુ એસીના વધારે ઉપયોગથી લોકોના મનમાં માત્ર વધતા વીજળી બિલનું ટેન્શન આવી જાય છે. જ્યારે જો એસીની આસપાસ કોઈ ટીવી કે ડિવાઈસ લાગેલું છે, તો તે એસી માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

એવામાં એસી લગાવતા સમયે ઘણી વાતોનું ધ્યાન રાખવું બહુ જ જરૂરી છે. જો કંઈક ભૂલ થઈ જાય તો તમારા એસીના કૂલિંગ પર અસર પડે છે. એસી યોગ્ય રીતે કામ કરે. તેના માટે તેની સારસંભાળ રાખવી બહુ જ જરૂરી છે. તેના ફિલ્ટરને હંમેશા સાફ કરવું જોઈએ. ગરમીથી રાહત મેળવવા માટે એસીને કયા મોડ પર ચલાવવું. આવી તમામ બાબતોનું ધ્યાન રાખવું જ્યારે તમારા ઘરે AC લગાવો ત્યારે ઘણી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જ્યારે દીવાલ પર તમે એસી ફિટ કરાવી રહ્યા હોવ ત્યારે તેની આસપાસ કોઈ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ કે અપ્લાયન્સ ન લગાવવું જોઈએ. કોઈ પણ હીટ પેદા કરવાનું અને પાવર કન્વર્ટ કરનારું ડિવાઈસ નહી લગાવવું જોઈએ. આમાં LED ટીવી, કમ્પ્યુટર, જેવી તમામ વસ્તુઓ સામેલ છે. તેને ક્યારેય પણ એસીની આસપાસ ઈન્સ્ટોલ ન કરવું જોઈએ. ટીવી જેવા અપ્લાયન્સને એસીની આસપાસ લગાવવાથી એર કન્ડીશનરની સિસ્ટમ પરફોર્મેન્સ બગડી શકે છે. તેની સાથે-સાથે તે યૂનિટનું ઈન્ડોર અને આઉટડોર બંને પર ખરાબ અસર પડી શકે છે. એવામાં એસીને હંમેશા આ ડિવાઈસથી દૂર રાખો. ફિલ્ટરને સાફ કરો- વરસાદની સિઝનમાં એક અન્ય વસ્તુનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. હંમેશા તેના ફિલ્ટરની સફાઈ કરતા રહેવું જોઈએ. જો તમે ઓછામાં ઓછા ૨ સપ્તાહમાં સાફ નહી કરો તો, ધૂળ અને માટી ફિલ્ટર પર જામી જવાનું જોખમ રહેશે. તેનાથી કૂલિંગ ઘટી શકે છે.



## તંત્રી લેખ...

# ભારતનું પહેલું સ્વદેશી ડીએસવી 'INS નિસ્તાર' નેવીમાં સામેલ

ભારતીય નૌકાદળ માટે ૧૮ જાન્યુઆરી-૨૦૨૫ નો દિવસ સીમાચિહ્નરૂપ સાબિત થવાનો છે, કારણ કે ભારતનું પ્રથમ સ્વદેશી ડીએસવી 'આઈએનએસ નિસ્તાર' નૌકાદળમાં સામેલ થયું છે. વિશાખાપટ્ટનમ સ્થિત નેવલ ડૉકયાર્ડમાં કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય શેઠીની ઉપસ્થિતિમાં આઈએનએસ નિસ્તારને નૌકાદળમાં સામેલ કરાયું છે. આ જહાજ ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવ્યું છે અને બનાવવામાં આવ્યું છે. તે માત્ર એક સહાયક જહાજ નથી, પરંતુ એક સાયલન્ટ કિલર છે જે સમુદ્રમાં દુશ્મનની કોઈપણ ચાલને નિષ્ફળ બનાવે છે. હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડે આ જહાજ નૌકાદળને ૮મી જુલાઈના રોજ સોંપ્યો હતો. નિસ્તારએ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કામગીરી માટે રચાયેલુ યુદ્ધ જહાજ છે. તેનું નામ સંસ્કૃત શબ્દ 'નિસ્તાર' પરથી આવ્યું છે, જેનો અર્થ મુક્તિ, બચાવ અથવા મુક્તિ થાય છે. તે એક ખાસ ટેકનોલોજી ધરાવતું જહાજ છે જે વિશ્વ થોડા દેશ પાસે જ છે. INS નિસ્તાર ઈન્ડિયન નેવીનું પહેલું ડેડીકેટેડ ડાઈવિંગ સપોર્ટ જહાજ (DSV) હશે, જેનો ઉપયોગ કટોકટીમાં કોઈપણ સબમરીનને બચાવવા માટે કરવામાં આવશે. આ જહાજ લગભગ ૮૦% સ્વદેશી ટેકનોલોજી અને સામગ્રીથી બનેલું છે. તેનું વજન ૯૩૫૦ ટન છે અને તે ૧૨૦ મીટર લાંબુ છે. INS નિસ્તારમાં ૨૦૦થી વધુ નેવીના કર્મચારીઓ તૈનાત કરી શકાય છે અને તે બંદર પર પાછા ફર્યા વિના ૬૦ દિવસ સુધી સમુદ્રમાં કાર્ય કરી શકે છે. તે ડીપ સબમર્જન્સ રેસ્ક્યુ વ્હીકલ (DSRV)થી સજ્જ છે, જે સમુદ્રમાં ૬૫૦ મીટર ઊંડાઈ સુધી જઈ શકે છે અને કોઈપણ ફસાયેલી સબમરીનના સૈનિકોને બચાવી શકે છે.

## રોજગાર મેળા હેઠળ ૫૧,૦૦૦થી વધુ નિમણૂક પત્રોના વિતરણ પ્રસંગે પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

કેન્દ્ર સરકારમાં યુવાનોને કાયમી નોકરીઓ પૂરી પાડવાનું અમારું અભિયાન અવિરતપણે ચાલુ છે. અને અમારી ઓળખ પણ છે, કાપલી વિના, ખર્ચ વિના. આજે, ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. આવા રોજગાર મેળાઓ દ્વારા, અત્યાર સુધીમાં લાખો યુવાનોને ભારત સરકારમાં કાયમી નોકરીઓ મળી છે. હવે આ યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. આજે પણ, તમારામાંથી ઘણાએ ભારતીય રેલવેમાં તમારી જવાબદારીઓ શરૂ કરી દીધી છે, ઘણા સાથીઓ હવે દેશની સુરક્ષાના રક્ષક બનશે, ટપાલ વિભાગમાં નિયુક્ત સાથીઓ સરકારની સુવિધાઓને દરેક ગામ સુધી લઈ જશે, કેટલાક સાથીઓ હેલ્થ ફોર ઓલ મિશનના સૈનિક હશે, ઘણા યુવાનો નાણાકીય સમાવેશના એન્જિનને વધુ વેગ આપશે અને ઘણા સાથીઓ ભારતના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપશે. તમારા વિભાગો અલગ અલગ છે, પરંતુ ધ્યેય એક છે અને તે ધ્યેય શું છે, આપણે વારંવાર યાદ રાખવું પડશે કે, એક જ ધ્યેય છે, ગમે તે વિભાગ હોય, ગમે તે કાર્ય હોય, ગમે તે પદ હોય, ગમે તે ક્ષેત્ર હોય, એક જ ધ્યેય છે - રાષ્ટ્રની સેવા. સૂત્ર એક છે - નાગરિક પહેલા. દેશના લોકોની સેવા કરવા માટે તમારી પાસે ખૂબ મોટું પ્લેટફોર્મ છે. જીવનના આ મહત્વપૂર્ણ તબક્કામાં આટલી મોટી સફળતા માટે હું આપ સૌ યુવાનોને અભિનંદન આપું છું. આપની આ નવી સફર માટે હું આપ સૌને શુભકામનાઓ પાઠવું છું.

આજે દુનિયા સ્વીકારી રહી છે કે ભારતમાં બે અમર્યાદિત શક્તિઓ છે. એક છે ડેમોગ્રાફી, બીજી છે લોકશાહી. એટલે કે, સૌથી મોટી યુવા વસ્તી અને સૌથી મોટી લોકશાહી. યુવાનોની આ શક્તિ આપણી સૌથી મોટી મૂડી છે અને ભારતના ઉજ્જવળ ભવિષ્યની સૌથી મોટી ગેરંટી છે. અને આપણી સરકાર આ મૂડીને સમૃદ્ધિનું સૂત્ર બનાવવામાં દિવસ-રાત કાર્યરત છે. તમે બધા જાણો છો, હમણાં જ એક દિવસ પહેલા હું પાંચ દેશોની મુલાકાત લઈને પાછો ફર્યો છું. ભારતની યુવા શક્તિનો પડઘો દરેક દેશમાં સંભળાયો. આ સમયગાળા દરમિયાન થયેલા તમામ કરારો દેશના અને વિદેશના યુવાનોને લાભ પહોંચાડવા માટે બંધાયેલા છે. સંરક્ષણ, ફાર્મા, ડિજિટલ ટેકનોલોજી, ઉર્જા, દુર્લભ પૃથ્વી ખનીજ, આવા અનેક ક્ષેત્રોમાં થયેલા કરારો આવનારા દિવસોમાં ભારતને ખૂબ ફાયદો કરાવશે, ભારતના ઉત્પાદન અને સેવા ક્ષેત્રોને ઘણી મજબૂતી મળશે.

બદલાતા સમય સાથે, ૨૧મી સદીમાં નોકરીઓનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે, નવા ક્ષેત્રો પણ ઉભરી રહ્યા છે. તેથી, છેલ્લા દાયકામાં, ભારતનો ભાર તેના યુવાનોને આ માટે તૈયાર કરવા પર છે. હવે આ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે, આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક નીતિઓ પણ બનાવવામાં આવી છે. આજે દેશમાં જે સ્ટાર્ટ-અપ્સ, નવીનતા અને સંશોધનનું ઈકોસિસ્ટમ બની રહ્યું છે તે દેશના યુવાનોની ક્ષમતાઓમાં વધારો કરી રહ્યું છે, આજે જ્યારે હું યુવાનોને પોતાનું સ્ટાર્ટ-અપ શરૂ કરવા માંગતા જોઉં છું, ત્યારે મારો આત્મવિશ્વાસ પણ વધે છે, અને હમણાં જ આપણા ડૉ. જીતેન્દ્ર સિંહજીએ પણ તમારી સામે સ્ટાર્ટઅપ વિશે વિગતવાર કેટલાક આંકડા શેર કર્યા છે. મને ખુશી છે કે મારા દેશના યુવાનો એક મોટા વિઝન સાથે મજબૂત ગતિએ આગળ વધી રહ્યા છે, તેઓ કંઈક નવું કરવા માંગે છે.

ભારત સરકાર ખાનગી ક્ષેત્રમાં રોજગારની નવી તકો ઊભી કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તાજેતરમાં, સરકારે એક નવી યોજના, રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ, સરકાર ખાનગી ક્ષેત્રમાં પહેલી વાર રોજગાર મેળવનારા યુવાનોને ૧૫,૦૦૦ રૂપિયા આપશે. એટલે કે, સરકાર પહેલી નોકરીના પહેલા પગારમાં ફાળો આપશે. આ માટે, સરકારે લગભગ એક લાખ કરોડ રૂપિયાનું બજેટ બનાવ્યું છે. આ યોજના લગભગ ૩.૫ કરોડ નવી નોકરીઓ ઊભી કરવામાં મદદ કરશે.

આજે, ભારતની એક ખૂબ જ મોટી તાકાત આપણું ઉત્પાદન ક્ષેત્ર છે. ઉત્પાદનમાં મોટી સંખ્યામાં નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા માટે આ વર્ષના બજેટમાં મિશન ઉત્પાદનની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા વર્ષોમાં, અમે મેક ઈન ઈન્ડિયા અભિયાનને મજબૂત બનાવ્યું છે. ફક્ત PLI યોજના દ્વારા દેશમાં ૧૧ લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. આજે લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયાનું ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન થઈ રહ્યું છે, ૧૧ લાખ કરોડ. આમાં પણ છેલ્લા ૧૧ વર્ષમાં ૫ ગણાથી વધુનો વધારો થયો છે. પહેલા દેશમાં મોબાઈલ ફોન ઉત્પાદનના ફક્ત ૨ કે ૪ યુનિટ હતા, ફક્ત ૨ કે ૪. હવે ભારતમાં મોબાઈલ ફોન ઉત્પાદન સાથે સંબંધિત લગભગ ૩૦૦ યુનિટ છે.

---

**જે ૧૯૯૯ ૫ મેં થી ૨૬ જૂલાઈ સુધી ચાલ્યું હતું અને ઓપરેશન કોડ નેમ સફેદ સાગર ના નામે થયેલ, આ યુદ્ધમાં આપણો વિજય થયો હતો**

# સોશિયલ મીડિયા એક ચેપી રોગ જેમ સમાજમાં વ્યાપી રહ્યો છે અને જેનો ખતરો પણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જીત વિશે લખવું કોને ન ગમે! પણ યુદ્ધ એટલે યુદ્ધ! એમાં બંને પક્ષની સચ્ચાઈ મુકવી પડે, અને વળી પાકિસ્તાનની સચ્ચાઈ કે ધર્મ પર ટિપ્પણી થાય તો બધાને એમ થાય કે બહેન પક્ષપાત કરે છે! તા ૨૮ હિપેટાઇટિસ દિવસ એ એક ચેપી બિમારી તરફ જાગૃતિ માટે છે.**

આજે રવિવાર એટલે સમાજ દર્શન અને હપ્તા ભર નાં સમાચાર કે કોઈ સ્પેશયલ દિવસ પરનો સંદર્ભ લઈને લેખ લખાય છે. એ રીતે જોઈએ તો આ તા ૨૩ જૂલાઈ બાળ ગંગાધર તિલક જયંતી, તા ૨૬ જૂલાઈ કારગિલ વિજય દિવસ આવે છે!; બાજપાઈજી વડાપ્રધાન હતાં ત્યારે કારગિલથી નિરાશ્રિતો અને આતંકવાદીઓને અટકાવવા આ યુદ્ધ થયું હતું, જે ૧૯૯૯ ૫ મેં થી ૨૬ જૂલાઈ સુધી ચાલ્યું હતું, અને ઓપરેશન કોડ નેમ સફેદ સાગર ના નામે થયેલ, આ યુદ્ધમાં આપણો વિજય થયો હતો. જીત વિશે લખવું કોને ન ગમે! પણ યુદ્ધ એટલે યુદ્ધ! એમાં બંને પક્ષની સચ્ચાઈ મુકવી પડે, અને વળી પાકિસ્તાનની સચ્ચાઈ કે ધર્મ પર ટિપ્પણી થાય તો બધાને એમ થાય કે બહેન પક્ષપાત કરે છે! તા ૨૮ હિપેટાઈટિસ દિવસ એ એક ચેપી બિમારી તરફ જાગૃતિ માટે છે, તા ૨૯ વાઘ દિવસ છે, જેમાં વાઘ સિંહ જેવા લુપ્ત થતાં જતાં વન્ય પ્રાણીઓ ને આરક્ષણ આપવાનો હેતુ સમાયો છે. પણ આ વખતે આમાંથી એકે પર લખવું નથી. પણ આપણે ઉપર હિપેટાઈટિસ વિશે કહ્યું એમ સોશિયલ મીડિયા એક ચેપી રોગ જેમ સમાજમાં વ્યાપી રહ્યો છે, અને એટલે એનાં ફાયદા ઘણાં છે, અને અમુક ઐતિહાસિક મહત્વ ધરાવતી પોસ્ટ વાંચીને આપણને આપણી સંસ્કૃતિ કે આપણા પૂર્વજો પર ગર્વ પણ થાય, પણ અમુક બાબતે જાગૃતિ નહીં આવે તો પતિ પત્ની, મા બાપ, સાસુ વહુ, કે દિકરી જમાઈ જેવા અંગત સંબંધોમાં રહેલી રહી સહી મીઠાશ પણ જતી રહેશે. એટલે આ વખતે સમાજ દર્શનમાં કંઈક અલગ લખીએ. દિવસે દિવસે સોશિયલ મીડિયા એટલું એક્ટિવ થતું જાય



છે, અને ગમે તે ઋતુ હોય, ઘરની કે દેશની ગમે તે પરિસ્થિતિ હોય, સવારથી શરૂ કરીને મોડી રાત સુધી વોટ્સએપ ગ્રૂપ ધમધમતા હોય છે, અને લોકો જાણીતાં થી શરૂ કરીને અજ્ઞાત સુધીનાં મેસેજ ફોરવર્ડ કરતાં હોય છે. એમાં સવાર પડતાં જ સુવિચારનો જાણે વરસાદ શરૂ થાય એમ ધડાધડ પોસ્ટ થાય! આમ તો વોટ્સએપ માટે બહુ સમય નથી મળતો, પણ ઘણીવાર પ્રતિભાવનો જવાબ આપવા વાંચીએ, તો એમ લાગે કે વાહ! લોકો કેટલાં સુધરી ગયાં છે.સેવા અને સંવેદના ને નામે કેટલીય સંસ્થાઓ ચાલે છે! અને છતાં વિશ્વમાં ક્યાંય શાંતિ નથી બધે સંઘર્ષ કે યુદ્ધ! પછી તે ઘર પરિવારમાં શબ્દ નું હોય કે આંતરરાષ્ટ્રીય સ્તરે શસ્ત્રનું હોય.

પણ ખતરો ત્યાં છે કે સ્ત્રી અને પુરુષ બંને સમાજનું અભિન્ન અંગ છે, અને એકબીજાનાં પૂરક પણ છે. બંનેનાં સંબંધમાં સ્નેહનું મહત્વ જ સંબંધને મજબૂત બનાવે છે. પણ થોડાં કેટલાંય સમયથી સ્ત્રી મહાન! મા મહાન અને એવાં કેટલાંય મેસેજ ફોરવર્ડ થાય, તો કોઈ કોઈ સ્ત્રીથી પરેશાન પુરુષ, સ્ત્રી વિરુદ્ધનાં લાંબાં લેખ કે વાર્તા રુપે મેસેજ મુકે ! અથવા પુરુષ કે પિતા કંઈ રીતે મહાન એવાં મેસેજ મુકે, પણ ગમે તેટલો મહાન પક્ષ હોય અપવાદ તો હોય જ! વયસ્ક વર્ગ કે જે સંતાનોથી દુભાયેલા હોય એ આ પેઢીના દુર્વ્યવહારને દર્શાવતા કે બીજાનાં સંતાનનાં સારા વ્યવહારને દર્શાવતા મેસેજ મુકે. એમાં પાછાં વિમેન્સ ડે, મધર્સ ડે ફાધર્સ ડે આવે ત્યારે તો સોશિયલ મીડિયાની વાત જ જુદી હોય!

આમ પણ હવે વિભક્ત કુટુંબો થઈ ગયાં છે, અને એમાં જીન્સ માં પાલવ ક્યાંથી કાઢશો! એવાં વિગતવાર માહિતી આપતાં મેસેજ એટલી હદે ફોરવર્ડ થયાં કે મારા સાહિત્યનાં સો ઉપરનાં બધાં જ ગ્રૂપમાં આ મેસેજ આવ્યો, જે પતિ પત્નીનાં કે સાસુ વહુનાં સંબંધોમાં તિરાડ પાડવા માટે પર્યાપ્ત છે. એનું કારણ છે કે, એક બાજુથી આપણે દિકરીને શિક્ષણ સાથે સાથે એટલી બધી છૂટ આપી છે! અને બીજું સમય સાથે પરિવર્તન આવે જ! આવાં મેસેજ ફેરવનારને એક જ પ્રશ્ન છે કે શું એ પોતાની દિકરીનાં જીન્સ કે અન્ય વેસ્ટન વેર પહેરવાં પર પ્રતિબંધ મુકી શકશે! વર્ષો પુરાની પ્રથા, દિકરીને બધી છૂટ અને વહુને પ્રતિબંધ! આ નજરિયો હવે બદલવો પડશે, નહીં તો સંબંધોમાં કડવાશ વધતી જ જશે, અને બીજું જીન્સ આખો આખો દિવસ પહેરી શકાતું નથી! અને એનાથી પણ વધુ મા, મા જ હોય છે, એ જીન્સ પહેરે કે સાડી! એને મન પોતાનાં બાળકથી વધુ કંઈ જ હોતું નથી, અને નવ નવ મહિના પેટમાં હોય ત્યારથી એની સુરક્ષા માટે એણે કેટલુંય છોડ્યું હોય છે. હા અપવાદ છે, અને એ અપવાદનો રેશિયો વધતો જાય છે, એમાં પણ ના નહીં, પણ એનો મતલબ એ નથી કે જીન્સ પહેરનારી માતાને પોતાનાં બાળક પ્રત્યે લગાવ ઓછો છે! કે લાગણી ઓછી છે. ચિંતનનો લેખ વાંચનાર સૌ જાણે છે એમ, મારી દિકરી હમણાં જ મા બની છે, પણ પોતાનાં બાળક માટે એ મને પણ બે વાર ચકાસી લે! અને ક્યારે શું કરવું! એ માટે ગુગલ સર્ચ પણ કરી લે! ઉપરાંત વિદેશમાં તો બધું જ કામકાજ હાથે કરવાનું હોય, બેબી કેરિયર બાંધીને જ રાખે, ક્યાં મહિને એને શું એક્ટિવીટી કરાવવી વગેરે. ભારતમાં ધમધમતા દવાખાનાં અને શેરીએ શેરીએ ચાઈલ્ડ સ્પેશિયલ લીસ્ટ છે, પણ વિદેશમાં બાળકને દવાથી દૂર જ રાખે. હવે એને છ મહિના થશે, તો ફૂડમાં શું આપવું,ન આપવું ! એ બધું જ સર્ચ કરે ! અને જે બેસ્ટ હોય એમ કરે! ટૂંકમાં સાડી કે જીન્સ એ યોગ્યતાનું પ્રમાણ નથી! આવો જ એકવાર ડાયપર નો પણ મેસેજ આવ્યો હતો, અરે વિજ્ઞાન વિકાસ કરે એમ આપણી વહુ દિકરીને આપણી જેટલી તકલીફ ઓછી, એમ રાજી થવું જોઈએ! હા ખતરાથી ચેતવી શકાય કે બગડે પછી ડાયપર તરત બદલી નાખવું! અને યોગ્ય રીતે સાફ કરી ક્રીમ વગેરે લગાડવું! થોડીવાર ડાયપર વગર પણ રાખવું. જે સ્ત્રીઓ વોશીંગ મશીન, ઓવન, માઈક્રોવેવ અને અન્ય શોધ આસાનીથી સ્વીકારી લે છે, એ પણ આ બધાંમાં નારાજગી દેખાડે છે. પણ મૂળમાં સમાજમાં હજી પણ સ્ત્રી સશક્તિકરણ કરણનો અભાવ છે! અને એટલે જ અમુક મહિલાઓ આ બધાને ખોટું સમજી આવાં મેસેજ ને વધુ ને વધુ ચગાવે છે. હજી પણ સુધરીશું નહીં તો વધું ને વધું સંતાનો ઘર અને દેશ છોડીને બીજે સેટ થશે.

એક બીજી વાત ચિંતન વિશે કરીએ, તો ચિંતન ખૂબ વંચાય છે, એટલે કે ઘણાંને સાચે જ હવે ચા જેટલી તીવ્ર આદત પડી ગઈ છે, અને એ બધાનો પ્રેમ જ પાંચ વર્ષથી આ લેખનીનું બળ છે, એ માટે હું સદા સૌની ઋણી રહીશ! પણ ઘણાં બહેન રોજ શું લખે છે? અથવા ક્યાં ભૂલ કરે છે? કે પછી સંદર્ભ ખોટો છે, વગેરે વગેરે ચેક કરવા પણ વાંચે. લેખ માટે તો કાયમ એક જ ઉત્તર છે, કે સદગુરુ કૃપા હી કેવલમ! પણ જશ લઈએ કે ન લઈએ અપજશ તો લેવો જ પડે! અને એટલે કેટલાં ને રોજ ઉત્તર આપું! ન આપું તો એમ થાય કે અભિમાની છે! એટલે વિચાર્યું આ માધ્યમથી જ કહી દઉં, કે જે વાચકની અપેક્ષા મુજબ ન હોય! એટલે વ્યાકરણને લગતી ભૂલ હોય, કે પછી અન્ય, એ બધાં માટે દિલથી ક્ષમા માંગુ છું! બીજું અતિ વ્યસ્તતાને કારણે ઘણીવાર વોઈસ ટાઈપમાં ગુગલ કરેક્શન કરે, અને પાછળથી એ જોવાનું રહી ગયું હોય! અથવા કોઈવાર એડિટીંગ કરવું ચૂકાઈ જાય, તો પણ વ્યાકરણની ભૂલ આવે! પણ મૂળમાં સદગુરુ નો બોધ ક્યારેય ગલત નથી હોતો! બદલાતાં સમયમાં સમાજમાં રામરાજ્ય નહીં તો શાંતિ સ્થાપવા માટે પણ બીજાનાં અભિમાનનું રક્ષણ કરવું પડશે! અને એની પહેલ આ કલમથી ન થાય એવું કેમ બને! એટલે લેખનો છેલ્લો પેરેગ્રાફ સૌની એક સાથે માફી માટે લખવો જરુરી હતો! જય હિન્દ.

---

**બ્રાહ્મણ કહે છે સંપત્તિ મારી છે અને શેઠ કહે છે સંપત્તિ મારી છે**

# અજીબ છે આ દુનિયાના નિયમ પણ,જે કદર કરતા નથી, એના માટે લોકો રડે છે અનેજે કદર કરે છે એને લોકો રડાવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણે જ સંસારમાં મચ્છવેધ કરવાનો છે.મનરૂપી માછલો સંસારમાં ફરે છે. તેને વિવેકરૂપી બાણ મારો.જેને દ્રૌપદી મળે તેના ભગવાન સારથિ થાયછે.દ્રૌપદીએ શ્રીકૃષ્ણભક્તિ છે.મનને ન મારો ત્યાં સુધી શ્રીકૃષ્ણભક્તિ મળશે નહીં.માટે મનને ગમે તે કરશો નહીં મન માગે તે આપ શો નહીં તો ધીરે ધીરે મન કાબૂમાં આવશે.**

દુનિયાની સૌથી સસ્તી વસ્તુ છે - "સલાહ" જો તમે એક વ્યક્તિ પાસેથી માગો છો, તો હજારો લોકો તમને આપે છે....!!! અને દુનિયાની સૌથી મોંઘી વસ્તુ છે - "મદદ"જો તમે હજારો લોકો પાસે થી માગો છો, તો ફક્ત એક જ વ્યક્તિ આપે છે....!!! આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો હવે છ મહિનાઉપરની વાત કહું એક વૈશ્ય બ્રાહ્મણને મકાન વેચાતું તે મકાનના પાયામાં થી સોનામોરો નીકળે બ્રાહ્મણ તે લઈ શેઠ પાસે આવ્યું શેઠ કહે કે મેં મકાન તમને વેચ્યું છે એટલે હવે મકાનમાંથી જે નીકળે તે તમારું એના પર મારો હક નથી બ્રાહ્મણ પણ કહે કે આ સંપત્તિ ઉપર મારો હક નથી તે મારી નથી મને થયું કે મારા રાજ્યની પ્રજા કેવીધર્મનિષ્ઠ છે! હવે ગઈ કાલે તે જ બ્રાહ્મણ અને શેઠ મારી પાસે આવ્યા. બ્રાહ્મણ કહે છે, સંપત્તિ મારી છે અને શેઠ કહે છે સંપત્તિ મારી છે.તે વખતે મારી બુદ્ધિ બગડેલી હતી.હવે મારી બુદ્ધિ સુધરી ગઈ છે.આ પ્રમાણે બંને પોતપોતાનો હક્ક તે સંપત્તિ ઉપર બતાવે છે.મનેદેખાય છેકે મારા પવિત્ર રાજ્યમાં કળિનો પ્રવેશ થયો છે.કળિ એટલે કલહ. જે ઘરમાં શ્રીકૃષ્ણ કીર્તન,શ્રીકૃષ્ણ કથા થાય તે ઘરમાં કળિ આવતો નથી. ભીમસેન અને ધર્મરાજા આવી રીતે વાતો કરતા હતા તેવામાં અર્જુન આવ્યો. તેના મુખ ઉપર જરાય તેજ દેખાતું નથી.યુધિષ્ઠિર અર્જુનને પૂછે છેકે, તારું તેજ ગયું ક્યાં?તે આંગણે આવેલા અતિથિ ને આપ્યા વગર ભોજન તો કર્યું નથી ને?અતિથિ ભગવાનનુંસ્વરૂપ છે. આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે,તો યજમાનનું પુણ્ય ખાઈ જાય છે. નચિકેતા યમ રાજાને ત્યાં ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો.યમરાજા આવીને પૂછે છે કે,આ ત્રણ દિવસ તેં શું ખાધું?નચિકેતા જવાબઆપે છે કે તમારું પુણ્ય ખાધું?

મનુષ્ય શરીર કરતાં આંખથી,મન થી પાપ કરે છે.ગીતાજીમાં પ્રભુએ અર્જુનને માનપત્ર આપ્યું છે કે, મારો અર્જુન પવિત્ર છે. એટલે તો ભગવાને ગુહ્યતમ જ્ઞાન તેને આપ્યું એક રાત્રે ઊર્વશી અર્જુનને મળવા આવી,પણ અર્જુને તેની સામે જોયું નથી.એકાંતમાં કામને જીતે એ વીર. મને ખાતરી છે કે મારો અર્જુન કદી કંઈ પાપ કરે જ નહીં તો એ નિસ્તેજ કેમ છે?મને આ કળિ યુગનાં લક્ષણો દેખાય છે.

ત્યારે અર્જુન કહે છે, મોટાભાઈ, શું કહું?મારા પ્રભુ મારો ત્યાગ કર્યો છે.લાક્ષાગૃહમાં જેણે આપણું રક્ષણ કર્યું હતું તે પ્રભુ સ્વધામમાં પધાર્યા છે.અંતકાળે પ્રભુ મને સાથે લઈ ગયા નહીં. મને કહે, તું સાથે આવ્યો નથી તો સાથે લઈ જાઉં ક્યાંથી?મેં તને ગીતા શાસ્ત્રનું જ્ઞાન આપ્યું છે તે તારું રક્ષણ કરશે. મોટાભાઈ!હું શું કહું? મારી આજ દિન સુધી હાર થઈ ન હતી, પણ હુંઆજે આવતો હતો, ત્યારે કાબા લોકોએ મને રસ્તામાં લૂંટી લીધો. મને લાગે છે કે મારામાં જે શક્તિ હતી તે મારી ન હતી,તે શક્તિ દ્વારિકાનાથની હતી જે આજે તેમના જવાથી ચાલી ગઈ છે!કૃષ્ણ વિરહમાં શ્રીકૃષ્ણની કૃપા યાદ કરી અર્જુન રડે છે.

ધર્મરાજાને અર્જુન સંભળાવે છે, મોટાભાઈ,દ્રુપદરાજાના દરબારમાં મેં મત્સ્યવેધ કર્યો તે શક્તિ મારી નહીં, મારા દ્વારિકાનાથની હતી. મોટા રાજાઓ મત્સ્યવેધ કરી શક્યા નહીં ત્યારે કર્ણ ઊભો થયો શ્રીકૃષ્ણે વિચાર કર્યોકે,કર્ણ મત્સ્ય વેધ કરશે તો મારો અર્જુન રહી જશે એટલે સભામાં શ્રીકૃષ્ણે કર્ણ નું અપમાન કરાવ્યું છે. શ્રીકૃષ્ણે એક દાસીને દ્રૌપદી પાસે મોકલી. દ્રૌપદીનેકહ્યું કે, હું હીન જાતિના કર્ણ સાથ લગ્ન નહીં કરું. મોટાભાઈ મને હિંમત ન હતી પણ મારા શ્રીકૃષ્ણ મને જોતા હતા તેથી મારામાં હિંમત અને શક્તિ આવી ને મેં મચ્છવેદ કર્યો. કિરાતના વધ વખતે હું શંકર સાથે યુદ્ધ કરી શક્યો તે પણ તેમના જ પ્રતાપે.

આપણે જ સંસારમાં મચ્છવેધ કરવાનો છે.મનરૂપી માછલો સંસારમાં ફરે છે. તેને વિવેકરૂપી બાણ મારો.જેને દ્રૌપદી મળે તેના ભગવાન સારથિ થાયછે.દ્રૌપદીએ શ્રીકૃષ્ણભક્તિ છે.મનને ન મારો ત્યાં સુધી શ્રીકૃષ્ણભક્તિ મળશે નહીં.માટે મનને ગમે તે કરશો નહીં મન માગે તે આપશો નહીં તો ધીરે ધીરે મન કાબૂમાં આવશે.

આજ સુધી મોજશોખ, ભોગમાં, પાપમાં કેટલું વાપર્યું તેનો હિસાબ જીવ કરતો નથી. પણ બ્રાહ્મણને કંઈ આપ્યું હોય તો યાદ રાખે છે. હજાર રૂપિયા દક્ષિણા આપી છે. અંતકાળે જીવ ચિંતા કરે છે.મારી છોકરીનું શું થશે?મારા ભાણા ભાઈનું શું થશે? પણ તારું શું થશે તેનો વિચાર કરને ભાઈ! પણ ભગવાન કૃપાદૃષ્ટિનું દાન ન કરે, ત્યાં સુધી મન મરતું નથી.પ્રભુની કૃપાદૃષ્ટિથી થાય તો માછલો(મન) મરશે અને મન મરશે તો ભક્તિ-દ્રૌપદી મળશે.પરમાત્મા કૃપા દૃષ્ટિથી નિહાળે, ત્યારે જ જીવ મનને મારી શકે છે.પ્રભુની પ્રાર્થના કરતા નથી તેથી મન મનુષ્યને ખાડામાં ફેંકે છે.અર્જુનને શ્રીકૃષ્ણના અનેક ઉપકારો યાદ આવે છે. ફરી ફરી તે કહે છે, મોટાભાઈ, કુરુક્ષેત્રમાં તેમણે મને ગીતાનો ઉપદેશ કર્યો. મોટાભાઈ,મને એમણે એક વખત માગવાનું કહ્યું, ત્યારે મેં માગ્યું કે યુદ્ધમાં મારી જીત થાય. મોટાભાઈ મને માગતા આવડયું નહીં. હું મૂર્ખ હતો, મહામૂર્ખ હતો.

મોટાભાઈ, દુર્યોધને દુર્વાસાનો ક્રોધ આપણા ઉપર ઉતારી આપણો નાશ કરવા એમને મોકલ્યા હતા ત્યારે શ્રીકૃષ્ણે ભાજીના એક પાન થી અક્ષયપાત્ર ભરી દીધું હતું. પ્રભુએ તે સંકટમાંથી પણ આપણ ને ઉગાર્યા હતા.

આની કથા એવી છે કે દુર્યોધનને ચાર મહિના દુર્વાસાને પોતાને ત્યાં જમાડયા. દુર્વાસા પ્રસન્ન થયા. એમણે દુર્યોધનને વરદાન માગવા કહ્યું. દુર્યોધને વિચાર્યું કે,ઋષિના શ્રાપથી પાંડવોનો નાશ કરવાનો આ સારો અવસર છે. તેને ખબર હતીકે,સૂર્યદેવે દ્રૌપદીને અક્ષય પાત્ર આપેલું છે.પરંતુ દ્રૌપદી ભોજન કરી રહે તે પછી પાત્રમાંથી કાંઈ નીકળતું નથી.તેથી દુર્વાસાને ભોજન નહીં મળતાં ક્રોધથી તેઓ પાંડવોને શ્રાપ આપશે,અને તેઓ ની દુર્ગતિ કરશે.આવો વિચાર મન માં ગોઠવી દુર્યોધન દુર્વાસા પાસે માગ્યું કે,અમારા કુળમાં યુધિષ્ઠિર મુખ્ય છે. દસ હજાર. શિષ્યો સાથે હવે આપ તેમના આતિથ્યનો સ્વીકાર કરો. દ્રૌપદીને ભૂખનું કષ્ટ ન ઉઠાવવું પડે,એટલે તેનાભોજન પછી આપ ત્યાં પધારો એટલી મારી વિનંતી છે!સંતની સેવા સદ ભાવથી કરે,તોજ તે સફળ થાય. કુભાવથી કે લૌકિક ભાવથી કરેલી સેવા સફળ થશે નહીં ચાર મહિના દુર્વાસાને પોતાને ત્યાં જમાડી દુર્યોધને પાંડવોનો વિનાશ ઈચ્છયો જે તેના નાશમાં પરિણમ્યો, નહીંતર બ્રાહ્મણોને જમાડવાનું પુણ્ય તેને મળત. દુર્યોધને સંતની સેવા પણ કપટથી કરી. દુર્યોધનના કહેવા પ્રમાણે દુર્વાસા દસ હજાર બ્રાહ્મણો સાથે પાંડવો પાસે આવ્યા.કહે, રાજન્, કાલનો ઉપવાસ છે. અતિશયભૂખ લાગી છે. તમારે ત્યાં ભોજન કરવા આવ્યો છું.

દ્રૌપદીને સૂર્યનારાયણે અક્ષયપાત્ર આપેલું છે.મધ્યાહને જે કોઈ બ્રાહ્મણ આવે તેને તેમાંથી જમાડે છે. પણ આજે દ્રૌપદીનું ભોજન થઈ ગયું છે. એટલે અક્ષયપાત્રમાં થી કાંઈ નીકળવાનું નથી.છતાં યુધિષ્ઠિર કહે છે, પધારો, આપે અમારા ઉપર બહુ કૃપા કરી.આપ સૌ ગંગાસ્નાન કરીને આવો ત્યાં હું રસોઈની તૈયારી કરાવું છું. ચોખાનો એક દાણો પણ ઘરમાં નથી તેમ છતાં દસહજારબ્રાહ્મણો ને જમાડવાનું આમંત્રણ આપ્યું છે ધર્મરાજાનું ધૈર્ય કેવું છે?તેમને વિશ્વાસ છેકે, અતિશય દુઃખમાં પણ મેં મારો ધર્મ છોડયો નથી, તો ધર્મરૂપ પરમાત્મા મારી રક્ષા કરશે. ભીમ-અર્જુન વિચારે છે, હવે શું થશે? દ્રૌપદીને ચિંતા થાય છે. દસ હજાર બ્રાહ્મણોને જમાડવા કેવી રીતે? મેં ભોજન કરી લીધું છે. અક્ષયપાત્રમાંથી આજે કાંઈ મળે તેમ નથી. દ્રૌપદીનું હૈયું ભરાયું. ભોજન નહીં મળે એટલે મારા પાંડવોને દુર્વાસા શ્રાપ આપશે. મેં સાંભળ્યું છે,દુર્વાસા બહુ ક્રોધી છે. દ્રૌપદી દ્વારિકાનાથને યાદ કરે છેને આર્તસ્વરે પોકારે છે,નાથ, મારી લાજ જશે,તો જગતમાં હાંસી તારી થશે.આજદિન સુધી અનેક વખત મારી લાજ રાખી છે, તો આજે પણ મારી લાજ રાખજે આજે દસ હજાર બ્રાહ્મણોને જમાડવાના છે, તે ભૂખ્યા રહેશે તો શ્રાપ આપશે! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### બોડીકોન ડ્રેસમાં જોવા મળ્યો બોલ્ડ અંદાજ

# અભિનેત્રી વિદ્યા બાલનનું જબરદસ્ત ટ્રાન્ફોર્મેશન!




વિદ્યાએ તાજેતરમાં એક મેગેઝિન કવર શૂટ માટે નવી હેરસ્ટાઈલ અપનાવી હતી અને ખૂબ જ સુંદર રીતે પોતાનો ચાર્મ ફેલાવતી જોવા મળી હતી. વિદ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ ફોટોશૂટ શેર કર્યુ હતું જેમાં તે બોડીકોન ડ્રેસમાં ચમકતી જોવા મળી હતી.બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલન તેના નવા લુકથી ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. આ વખતે તેણે તેના ટ્રાન્સફોર્મેશનથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. વિદ્યાએ તાજેતરમાં એક મેગેઝિન કવર શૂટ માટે નવી હેરસ્ટાઈલ અપનાવી હતી અને ખૂબ જ સુંદર રીતે પોતાનો ચાર્મ ફેલાવતી જોવા મળી હતી. વિદ્યાએ તેના ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ ફોટોશૂટ શેર કર્યુ હતું જ્યાં તે બોડીકોન ડ્રેસમાં ચમકતી જોવા મળી હતી. આ જોઈને ચાહકો અભિનેત્રીના દિવાના થઈ ગયા હતા.એક તસવીરમાં વિદ્યા લાલ-ગુલાબી રંગનો ફર ગાઉન, ટૂંકા ભૂરા વાળ અને હળવા ઘરેણાં પહેરેલી જોવા મળી રહી છે.બીજા ફોટામાં અભિનેત્રીએ સિલ્વર રંગનું ગાઉન અને લાંબો બુરખો પહેર્યો છે. વિદ્યાનો લુક તેના વજન ઘટાડવા માટે પણ સમાચારમાં છે. અભિનેત્રી લાંબા સમય પછી આધુનિક લુકમાં જોવા મળી છે.વિદ્યાએ કહ્યું કે પડદા પર મહિલાઓની સ્ટોરીઓ બદલાઈ રહી છે, કારણ કે વાસ્તવિક જીવનમાં પણ સ્ત્રીઓ ધીમે ધીમે અને મજબૂત રીતે પોતાનો રસ્તો બનાવી રહી છે. આ જ વાત હવે ફિલ્મોમાં પણ દેખાય છે.'હું યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હતી, પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે, મેં મારા માર્ગમાં આવેલી દરેક તકનો પૂરો લાભ લીધો, કારણ કે મને હંમેશા કામ કરવાની ખૂબ ભૂખ રહી છે. મને મારું કામ ખરેખર ગમે છે. મને લાગે છે કે દરરોજ આ સ્વપ્ન જીવવું એ એક આશીર્વાદ છે. આજે પણ, આ સફર શરૂ કર્યાના ૨૦ વર્ષ પછી પણ, હું મારા કામ વિશે એટલી જ ઉત્સાહિત અને ખુશ છું.'વિદ્યાના ફોટાએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. દરેક વ્યક્તિ તેના બદલાયેલા દેખાવ અને વજન ઘટાડવાની પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકોએ કહ્યું કે વિદ્યા તેની વાસ્તવિક ઉંમર કરતા ઘણી નાની લાગે છે. કોઈએ લખ્યું - વાહ, વિદ્યા ખૂબ જ સુંદર લાગે છે. બીજા એક ચાહકે કહ્યું - શાનદાર!! ઘણા યુઝર્સે લખ્યું કે વિદ્યા હંમેશા ભીડથી કંઈક અલગ કરે છે. આ ખરેખર લોકો માટે પ્રેરણા છે.વિદ્યાના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે ૨૦૨૪ ની હિટ ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' માં કાર્તિક આર્યન અને માધુરી દીક્ષિત સાથે જોવા મળી હતી.

# રજનીકાંતની 'કૂલી'ની મૂંઝવણઃ રિલીઝ અને ઓટીટી વચ્ચે કેટલો ગેપ રાખવો?

**જો 'કૂલી'ને ચાર અઠવાડિયા વહેલી રિલીઝ કરાય તો, ડિજીટલ રાઇટ્સના ૧૫ કરોડ વધારે મળી શકે**




રજનીકાંતની કોઈ ફિલ્મ આવવાની હોય ત્યારે તેના ફેન્સ ઘણા ઉત્સાહમાં હોય છે, અને તેમની ફિલ્મનો પહેલો શો સવારે ૬ વાગ્યે હોય તો પણ તેમના પ્રસંશકો ઢોલ નગારાં સાથે તહેવાર જેવી ઉજવણી થતી હોય છે. હવે ફરી તેમની એક્શન થ્રિલર ફિલ્મ 'કૂલી' આવી રહી છે, જે લોકેશ કનગરાજ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, આ ફિલ્મના કેમિયો અને રોલ અંગે આ ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા છે. આ ફિલ્મમાં જે પ્રકારે મોટી કાસ્ટ સાથે મોટું બજેટ છે, તેના કારણે ફિલ્મ તમિલ સિનેમા માટે ગેમ ચેન્જર સાબિત થાય એવું છે. જોકે, આ ફિલ્મના પ્રોડ્યુસર સન પિક્ચર્સ હાલ એક અલગ મુશ્કેલીમાં મુકાયું છે. તેઓ આ ફિલ્મને ઓટીટી પર ચાર અઠવાડિયા પછી રિલીઝ કરવી કે આઠ અઠવાડિયા પછી તેની વિમાસણમાં ફસાયા છે. આ બંને વિકલ્પોમાં નોંધપાત્ર આર્થિક નફો અને નુકસાન તેમજ તેનાં ભવિષ્યના પરિણામો પર અસર જેવી બાબતો સંકળાયેલી છે. છેલ્લાં ઘણા સમયથી મલ્ટિપ્લેક્સ એસોસિએશન અને ડિસ્ટ્રીબ્યુટર દરેક પ્રોડ્યુસર આઠ અઠવાડિયાના નિયમને વળગી રહે તેવો આગ્રહ રાખતા હોય છે. છતાં કેટલીક ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી ન ચાલે તો પ્રોડ્યુસર સારી ડીલ લઈને તેમની ફિલ્મને વહેલી ઓટીટી પર રિલીજ કરવાની લાલચમાં આવી જતાં હોય છે. ત્યારે હવે દેશની મોટી મલ્ટિપ્લેક્સ ચેઈન જેવી કે પીવીઆર, આઈનોક્સ તેમજ સિનેપોલિસ ઈચ્છે છે કે રજનીકાંતની આ ફિલ્મની થિએટર રિલીઝ અને ઓટીટી પ્રીમિયર વચ્ચે આઠ અઠવાડિયાનું અંતર જળવાઈ રહે. તેમની દલીલ છે કે, ફિલ્મ થિએટરમાં જેટલી લાંબી ચાલશે, એટલી જ બોક્સ ઓફિસ પર વધુ કમાણી કરી શકશે. કારણ કે જો દર્શકોને ખબર હોય કે આ ફિલ્મ નજીકના ભવિષ્યમાં ઓટીટી પર જોવા મળવાની નથી, તો એ લોકો થિએટરમાં આવવા લલચાશે. આ બાબતે નિયમનું ફરજિયાત પાલન કરવા માટે મલ્ટિપ્લેક્સ ચેઈન દ્વારા કેટલાંક કડક નિયમ બનાવવામાં આવ્યા છે. જે પ્રોડ્યુસર તેમની સાથે સહમત થયા પછી તેનું પાલન ન કરે, તેમના પર દંડ અને નુકસાની ચુકવવી પડે છે.સ્થિતિ એવી છે કે જે ડિજિટલ પ્લેટફર્મે 'કૂલી' ફિલ્મના બધી જ ભાષાઓના અધિકાર મેળવ્યા છે, તેઓ ચાર અઠવાડિયામાં ફિલ્મને રિલીઝ કરવા પર પ્રોડ્યુસરને ૧૩૦ કરોડ રૂપિયા આપવા તૈયાર છે. જો સન પિક્ચર્સ મલ્ટિપ્લેક્સના નિયમ મુજબ ફિલ્મ આઠ અઠવાડિયા પછી રિલીઝ કરે તો તેઓ માત્ર ૧૧૫ કરોડ જ ચુકવશે. રજનીકાંતની આ ફિલ્મ ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થઈ છે, ત્યારે સન પિક્ચર્સ પણ આવધારાના ૧૫ કરોડ જતાં કરવાની સ્થિતિમાં નથી. સન પિક્ચર્સના આ રોકાણમાં ૫૦ કરોડ જેટલી મહાકાય રકમ તો માત્ર કનગરાજને ફી ચૂકવવામાં જ ખર્ચાઈ ગઈ છે. અન્ય મહત્વની વાત એ છે કે રિતિક રોશન, કિઆરા અડવાણી અને જુનિયર એનટીઆરની ફિલ્મ 'વૉર ૨' બોક્સ ઓફિસ પર 'કૂલી' સામે ટક્કર લેવા તૈયાર છે. આ સ્થિતિમાં સન પિક્ચર્સની મુંઝવણમાં વધારો થયો છે. જો ઓડિયન્સ 'વૉર ૨' તરફ વળી જાય તો 'કૂલી'એ ઓટીટી તરફથી મળતા વધારાના ૧૫ કરોડ ઉપરાંત બોક્સ ઓફિસ પર પણ નુકસાનીનો સામનો કરવો પડે. તેથી હવે ટીમ ચાર અઠવાડિયા અને ૮ અઠવાડિયા વચ્ચે વિચાર કરીને કોઈ વચ્ચેનો રસ્તો કાઢવા કોશિશ કરી રહી છે.




### અભિનેતા રોહિત રોયે વર્ણવી

# હું પાર્ટટાઇમ એક્ટર, ફુલ ટાઇમ પોલિટિશિયન : સ્મૃતિ ઇરાની



**'ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨'થી એક્ટિંગમાં કમ બેક કરવા પર સ્મૃતિ ઇરાનીએ વાત કરી**

ઘણા સમયથી સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય ફરી 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી' સિરીયલ કરવાના હોવાની ચર્ચા હતી. આખરે એકતા કપૂર અને સિરીયલની ટીમ દ્વારા સિરીયલનો પ્રોમો રજૂ કરીને સિરીયલની જાહેરાત કરી દેવાઈ છે. ત્યારે સ્મૃતિ ઈરાનીએ ટીવીમાં પાછા ફરવા અંગે અને રાજકીય સફર અંગે વાત કરી હતી. તે કઈ રીતે બંને દુનિયા વચ્ચે સંતુલન જાળવે છે, તે અંગે પણ તેણે વાત કરી હતી. શું સ્મૃતિ ઈરાની ફરી ટીવી પર પાછા ફરવા અંગે નર્વસ છે કે નહીં, એ અંગે સ્મૃતિએ કહ્યું, "હું એક રાજકારણી છું. મારી સામે તમે કોઈ પણ પડકાર ફેંકો એનાથી હું ક્યારેય નર્વસ ન થઈ શકું. હું એક ફુલ ટાઈમ પોલિટિશિયન અને પાર્ટ ટાઈમ એક્ટર છું." તેણે હંમેશા એકસાથે વધારે કામ કર્યા છે, તે અંગે સ્મૃતિ ઈરાનીએ કહ્યું, "જે રીતે કેટલાંક રાજકારણીઓ ક્યારેક વકીલાત કરે છે, કોઈ શિક્ષક છે, કોઈ પત્રકાર છે, એમ હું પાર્ટ ટાઈમ એક્ટર છું. હું એક સાથે એકથી વધુ કામ કરી શકું છું, જે સ્વીકારવું ઘણાં લોકો માટે અઘરું છે."આ લોકો વચ્ચે અને પોતાનામાં અંતરની વાત કરતા સ્મૃતિ જણાવે છે, "એમની સાથે કોઈ વીડિયોગ્રાફર નહીં હોય. કોઈ મેકઅપ કરનારાં કે સ્ક્રિપ્ટ રાઈટર નહીં હોય. હું બસ લોકોના ધ્યાનમાં આવી ગઈ છું. એક ૪૯ વર્ષની વ્યક્તિની ૨૫ વર્ષ લાંબી કારકિર્દી હોય, એ પણ માત્ર રાજકારણમાં નહીં પણ રાજકારણમાં પણ ખરી, એ આશીર્વાદથી જ મળે." બે દાયકા પહેલાં જ્યારે સ્મૃતિ ઈરાનીએ ટીવીની સફર શરૂ કરી ત્યારે અને આજે ટીવી પ્રત્યે લોકોના વલણમાં આવેલા ફરક અંગે સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું, "ટીવી સાથે થોડું સાવકી મા જેવું વર્તન થઈ રહ્યું છે. ફિલ્મ માટે સૌથી વધુ આકર્ષણ અને માન હોય છે. આજે ઓટીટીને તેમની પોતાની લાગણીઓ અને દર્શકવર્ગ મળી રહ્યો છે. ટીવીએ ભલે ગયા વર્ષે ૩૦ હજાર કરોડની કમાણી કરી હોય તેમ છતાં, તેની જોઈએ એટલી નોંધ લેવાતી નથી.

### ફિલ્મમાં વિલ સ્મિથ વિલન બની શકે છે

# અલ્લુ અને દીપિકાની સાઇ-ફાઈ ફિલ્મમાં વિલ સ્મિથ જોડાઈ શકે



સાઉથ ઈન્ડિયન સુપરસ્ટાર અલ્લુ અર્જૂન હવે એક મહાકાય સાઈ-ફાઈ ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યો છે, હાલ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી. આ મોટા પ્રોજેક્ટમાં પહેલી વખત અલ્લુ અર્જૂન અટલી સાથે કામ કરી રહ્યો છે, જેણે આ પહેલાં 'જવાન' જેવી બ્લોકબસ્ટર ફિલ્મ પણ બનાવી છે. હવે તે ૮૦૦ કરોડના ખર્ચે એક મોટી સાઈ-ફાઈ ફિલ્મ બનાવી રહ્યો છે. આ ફિલ્મ સન પિક્ચર્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે.આ ફિલ્મમાં અલ્લુ અર્જૂન અને દીપિકા પાદુકોણ કામ કરવાના હોવાનું તો જાહેર છે, પરંતુ હવે એમાં નવા અહેવાલો છે, જેના મુજબ આ ફિલ્મમાં વિલ સ્મિથ વિલનના રોલમાં જોવા મળશે. જે 'મેન ઈન બ્લેક', 'આઈ એમ લિજેન્ડ' અને 'ધ પર્સ્વેટ ઓફ હેપ્પિનેસ' જેવી ફિલ્મોનો એક જાણીતો કલાકાર છે. જો આ અહેવાલો સાચા માનવામાં આવે તો વિલ સ્મિથ પહેલી વખત કોઈ ભારતીય ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે, એ પણ એક વિલનના રોલમાં. તેનાથી ઈન્ડિયન ફિલ્મનું મહત્વ વિશ્વ સ્તરે વધી જશે.આ ફિલ્મનું ઉંચું સ્તર જાળવી રાખવા માટે આ ફિલ્મમાં હોલિવૂડ સ્ટુડિયો દ્વારા વીએફએક્સનું કામ કરવામાં આવશે. જેમણે 'સ્પાયડર મેન', 'એવેન્જર્સ' અને 'વન્ડર વુમન' જેવી ફિલ્મના વીએફએક્સ કર્યા હતાં. આંતરરાષ્ટ્રિય દર્શકોને ધ્યનમાં રાખીને આ ફિલ્મની સ્ટોરી અને વિઝ્યુઅલ્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે એક વધુ મજાની વાત એ પણ છે કે, તાજેતરમાં અલ્લુ અર્જૂને જાહેર કર્યું છે કે તે આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે. તેનાથી અલ્લુ અર્જૂનના ફેન્સનો ઉત્સાહ માતો નથી. ત્યારે હવે દર્શકો અલ્લુ અર્જૂન અને વિલ સ્મિથ વચ્ચેની ટક્કર જોવા માટે ખુબ ઉત્સુક છે. એવી પણ ચર્ચા છે કે, આ ફિલ્મમાં બે હિરોની સ્ટોરી હશે. બીજો હિરો કોણ હશે એ હજુ સુધી જાહેર થયું નથી. જે કાસ્ટ જાહેર થઈ ગઈ છે, તેમાં દીપિકા પાદુકોણ, મૃણાલ ઠાકુરના નામ સામેલ છે. આ ફિલ્મ અંગે અલ્લુ અર્જૂને કહ્યું હતું, "આ મારી ૨૨મી ફિલ્મ છે, જે હું અટલી ગારુ સાથે કરી રહ્યો છું, જેણે જવાન ફિલ્મ બનાવી હતી.

# બોલિવૂડની કાસ્ટિંગ પ્રક્રિયા હોલિવૂડ જેટલી પારદર્શક નથી



બોલિવૂડ અભિનેતા અલી ફઝલ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મેટ્રો ઈન દિનો'નાં પ્રોમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડમાં પ્રસરી રહેલા નેપોટિઝમ પર પોતાના મંતવ્ય ખુલીને વ્યક્ત કર્યા છે. બોલિવૂડ અને હોલિવૂડની કાસ્ટીંગ પ્રક્રિયાના ફરક પર ખુલીને વાત કરતા અલીએ કહ્યું કે મને બોલિવૂડમાં નેપોટિઝમથી ખાસ ફરક નથી પડતો. મારા મતે આ ઈન્ડસ્ટ્રીમાં તેનાથી પણ વધુ મહત્વના મુદ્દા છે. બોલિવૂડમાં રોલ મેળવવા માટે તમારે કોઈ ચોક્કસ સામાજિક કે વ્યવસાયિક વર્તુળમાં હોવું જરૂરી છે, જ્યારે હોલિવૂડમાં વધારે માળખાગત અને એજન્સી આધારિત કાસ્ટિંગ પ્રક્રિયા છે. હોલિવૂડમાં તમામ કલાકારો માટે તકો સુલભ હોય છે અને તેમને સમાન તકો પૂરી પાડવામાં આવે છે.આલીએ વધુમાં જણાવ્યું કે, બોલિવૂડમાં પણ એજન્સી છે, સાથે ઓળખાણ પણ જરૂરી છે. ઘણાં બધા જુથો છે. જો તમે એક જુથનાં ભાગ છો તો તમને રોલ મળશે, કારણ કે તમે આ જુથનાં છો અને તેમનાં મિત્ર છો. હોલિવૂડમાં એજન્સી સિસ્ટમ છે. સામાન્ય રીતે બધાને સાર્વજનિક રીતે એક કોલ આવે છે. તેથી દરેક એજન્ટ, દરેક મેનેજર તે પ્લેટફોર્મનો સભ્ય છે અને તે પ્લેટફોર્મ પર હવે કોલ આવે છે – "આ પ્રોજેક્ટનું કાસ્ટિંગ થઈ રહ્યું છે. આ ફિલ્મ માટેનો આ સમયગાળો છે. તમારા કલાકારોને તેમાં મોકલવા માટે કહો." કોઈ પણ એવું કહી શકતું નથી કે મારા અભિનેતાને આ ફિલ્મ મળશે કારણ કે હું એક મોટી કંપની છું અથવા હું એક મોટી એન્ટિટી છું."આગળ અલીએ કહ્યું કે હોલિવૂડમાં પણ કેટલીક અન્યાયી પ્રક્રિયા થતી હોય છે, તેમ છતાં એક પારદર્શક તંત્ર છે, જે પુરતી તકો પુરી પાડે છે. અલી કહે છે, "ત્યાં પણ કેટલીક એવી બાબતો હોય છે, પરંતુ એક ચોક્કસ માળખું તો છે. મને લાગે છે, આપણને એનાથી ફાયદો થઈ શકે છે."જોકે, અલી ફઝલ માને છે, ધીરે ધીરે બોલિવૂડમાં પણ કાસ્ટિંગ પ્રક્રિયા બદલાશે. "જેમ જેમ આપણે કાસ્ટિંગ ડિરેક્ટર્સની પ્રક્રિયા વધુને વધુ મહત્વ આપીશું, તેમ તેમ તંત્ર બદલાશે. આપણી પાસે પણ જોરદાર કાસ્ટિંગ ડિરેક્ટર્સ છે.

# જોલી એલએલબી થ્રી અને કાંતારા બોક્સ ઓફિસ પર ટકરાશે






અક્ષય કુમાર તથા અર્શદ વારસીની ફિલ્મ 'જોલી એલએલબી થ્રી' ઋષભ શેટ્ટીની 'કાંતારા'ની પ્રીકવલ 'કાંતારા ચેપ્ટર વન' સાથે બીજી ઓક્ટોબરે બોક્સ ઓફિસ પર ટકરાસ તેવી શક્યતા સર્જાઈ છે. 'જોલી એલએલબી મૂળ શિડયૂલ પ્રમાણે તા. ૧૯મી સપ્ટેમ્બરે રીલિઝ થવાની હતી. પરંતુ, હવે આ ફિલ્મ તા. બીજી ઓક્ટોબર પર ઠેલાઈ રહી હોવાનું કહેવાય છે. 'જોલી એલએલબી થ્રી' તથા 'કાંતારા' બંને તેમની આગલી ફિલ્મોની ગુડવિલ ધરાવે છે. 'કાંતારા' મૂળ તો સાઉથના દર્શકો માટે બનાવાઈ હતી પરંતુ તેનું ડબ કરેલું વર્ઝન હિંદીમાં અનાયાસે જ હિટ થયું હતું. તે પછી તેની પ્રીકવલની પણ રાહ જોવાય છે. બીજી તરફ અક્ષય કુમારને હાલ એક હિટ ફિલ્મની તાતી જરૂર છે. તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિરાશાજનક પ્રદર્શન કરી રહી છે.

### અનુરાગ બાસુએ આમિર સાથે કિશોરની ફિલ્મ પર આપી મોટી અપડેટ

# આશા છે કે, આ વખતે ધારી હતી એવી ફિલ્મ બની જાય

અનુરાગ બાસુ મ્યુઝિકલ ફિલ્મ્સ જોનરની ફિલ્મ બનાવવા માટે જાણીતા ડિરેક્ટર છે, જેણે અત્યાર સુધીમાં 'બર્ફી', 'જગ્ગા જાસુસ', 'લાઈફ ઈન એ મેટ્રો' અને તાજેતરતમાં 'મેટ્રો ઈન દિનો' જેવી ફિલ્મ બનાવી છે. સાથે જ છેલ્લાં ઘણા સમયથી તે જાણીતા ગાયક કિશોર કુમારની બાયોપિક માટે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. સાથે જ આ રોલ તેણે આમિરને ઓફર કર્યો હોવાની પણ ચર્ચા છે. ત્યારે હવે અનુરાગ બાસુએ અંગે તે આતુર હોવાની વાત કરી છે.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અનુરાગ બાસુએ કિશોર કુમારની ફિલ્મ અંગે વાત કરી હતી, તેણે કહ્યું કે આ ફિલ્મને ઘણા ચડાવ-ઉતારનો સામનો કરવો પડ્યો છે. અનુરાગ બાસુએ કહ્યું, "હું પણ ઉત્સુક છું કે આ વખતે આ ફિલ્મ બની જાય અને હું છેલ્લા એક દાયકાથી જે વાર્તા કહેવાની કોશિશ કરી રહ્યો છું, તેની સાથે સેટ પર પહોંચી જાય." અનુરાગ કહે છે, કે તે હવે આ ફિલ્મ વિશે વાત કરીને તેને નજર લગાવવા માગતો નથી. આમિર ખાન આ ફિલ્મ કરે છે કે નહીં તે અંગે અનુરાગે કહ્યું, "જ્યાં સુધી કંઈ ફાઈનલ ન થાય અને કોન્ટ્રાક્ટ સાઈન ન થાય ત્યાં સુધી" આ ફિલ્મ વિશે કશું જ કહી શકાય નહીં.શરૂઆતમાં કિશોર કુમારના પરિવારે કોપી રાઈટના મુદ્દે વિરોધ કર્યો હોવાથી આ ફિલ્મ હોલ્ડ પર મુકાઈ હતી. ૨૦૧૨માં આ અનુરાગ બાસુની ફિલ્મ બર્ફી પછી તેણે આ ફિલ્મની જાહેરાત કરી હતી. જોકે, ફિલ્મની ટીમ તરફથી હજુ સુધી કોઈ જાહેરાત થઈ નથી. અનુરાગ બાસુએ આ ઉપરાંત પણ એક ફિલ્મ માટે આમિરને રણબીર કપૂર સાથેની એક ફિલ્મ માટે પણ સંપર્ક કર્યો હતો, પરંતુ એ ફિલ્મ પણ બની શકી નહીં.



## ઝાલોદ તાલુકા રામપુરા ગામે તાલુકા પંચાયત ના પૂર્વ પ્રમુખ અનિતાબેન મછારની રજૂઆત ને ધ્યાને લઈ PMJY યોજના કાર્ડ કાઢી આપવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ તાલુકા ના રામપુરા ગામે આજ રોજ CDHf શ્રી ડો, ઉદય ટીલાવત,THO ડૉ. તુષાર ભાભોર તેમજ PHC મેડિકલ ઓફિસર ના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાના ગામડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના રામપુરા,ટીમાચી ગામ ખાતે પ્રધાનમંત્રી મંત્રી જન આરોગ્ય યોજના Pmjay કાર્ડ કેમ્પ નું આયોજન કરવા માં આવેલ હતું,જેમાં વય વંદના યોજના ના ટોટલ ૨૦ કાર્ડ બનાવી આપવા માં આવેલ હતા સાથે ૨૦૦ લાભાર્થીઓ ને પ્રધાનમંત્રી મંત્રી જન આરોગ્ય યોજના pmjay કાર્ડ ની પ્રિન્ટ સાથે કાર્ડ આપવા માં આવેલ હતા, બહોળી સંખ્યા માં લાભાર્થીઓ લાભ લીધો હતો. અંતર્ગત ગરીબ લાભાર્થીઓને ૫ લાખ નુ કાર્ડ તથા ૭૦ વર્ષઁ ઉપર વયવાળાઓને વયવંદના કાર્ડ કાઢવાની કામગીરી માળી ફળીયા, ચારેલ ફળિયા, મછારફળિયા, બાંડી ફળિયા, ડુંગર ફળિયા કરવામા આવી હતી

## ઈન્ડિયન આર્મી દ્વારા ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, ભુજ ખાતે ઓપરેશન સિંદૂરના મહત્વ અને સફળતાને ઉજાગર કરતા યૂથ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરાયું



। (માહિતી) કચ્છ, તા.૧૯ ।

ઈન્ડિયન આર્મી દ્વારા ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, ભુજ ખાતે ઓપરેશન સિંદૂરના મહત્વ અને સફળતાને ઉજાગર કરતા યૂથ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સેશનમાં ભુજ મિલિટરી સ્ટેશનના કર્નલ શ્રી વી.કે. સિંહ દ્વારા પ્રેઝેન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. કર્નલ વીકે સિંહે GAIMS ના મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને ઓપરેશન સિંદૂર દરમિયાન નાગરિકો અને કચ્છના જિલ્લા વહીવટીતંત્રના સમર્થન અને સહકારને પ્રશંસનીય ગણાવ્યો હતો.

આ સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓને દેશની અંદર અને સીમાપારથી રાષ્ટ્ર વિરોધી તત્વોના બદઈરાદાઓ સામે સાવચેત રહેવા અનુરોધ કરાયો હતો. સાથે જ ભારતીય સશસ્ત્ર દળોના એબ્મ્બાસેડર્સ તરીકે યુવાનોની ભૂમિકા અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ દરમિયાન ભ્રામક માહિતીના ફેલાવવાને અટકાવવામાં તેમની જવાબદારીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સંબોધન દરમિયાન કર્નલશ્રી દ્વારા વિશ્વસનીય સત્તાવાર મીડિયા હેન્ડલ્સ અને ચેનલો વિશેની માહિતી પણ શેર કરવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન, દેશના દરેક નાગરિકે ભારતીય સેના પર વિશ્વાસ કર્યો અને એક યોદ્ધાની જેમ ટેકો આપ્યો હતો અને તેના લીધે ભારતીય સેના અને સમગ્ર રાષ્ટ્રને તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં સફળતા મળી હતી તેમ કર્નલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. આ સત્ર દરમિયાન આર્મી અને દેશના નાગરિકો વચ્ચે સંવાદનો સેતુ રચાયો હતો જે વાતની આર્મી અધિકારીશ્રીઓએ ખુશી વ્યક્ત કરી હતી. આપણા દેશના યુવાનો સમક્ષ ઓપરેશન સિંદૂરની સફળતાની ગાથા રજૂ કરવી એ ભારતીય સેના દ્વારા લેવામાં આવેલી એક અનોખી પહેલ છે. આઉટરીચ કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા અદાણી કોલેજના ડીન ડૉ. એ.કે. ઘોષે સશસ્ત્ર દળોની પહેલની પ્રશંસા કરી હતી. સમગ્ર સત્રમાં દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સુરેન્દ્રનગર જિલ્લાનાં ચુડાના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેતાં કલેક્ટર શ્રી રાજેન્દ્રકુમાર પટેલ



। (માહિતી) સુરેન્દ્રનગર, તા.૧૯ ।

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ખાતે આવેલા શ્રી નારાયણભાઈ લકુમના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની જિલ્લા કલેકટરશ્રી ડૉ. રાજેન્દ્ર એમ. પટેલએ મુલાકાત લીધી હતી. શ્રી નારાયણભાઈ લકુમ છેલ્લા ૨૦૧૯ થી પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો અપનાવીને અદ્યતન મોડેલ ફાર્મનું નિર્માણ કરી પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન કલેકટરશ્રી ડૉ. રાજેન્દ્ર એમ. પટેલે ખેડૂત પાસેથી પ્રાકૃતિક કૃષિના અનુભવો જાણ્યા બાદ પ્રાકૃતિક ખેતીને ઓછી ખર્ચાળ અને અત્યંત નફાકારક ગણાવી હતી. તેમણે જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કરતા કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી ખેડૂતો આત્મનિર્ભર બનશે, પરિવારની તંદુરસ્તી જળવાશે અને જમીન ફળદ્રુપ બનશે. આ લાભ ખરેખર ખેડૂત પરિવારને જ થાય છે, આથી ખેડૂતોએ પોતાના લાભ માટે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવી અનિવાર્ય છે. તેમણે આત્મા પ્રોજેક્ટ, સુરેન્દ્રનગરને વધુમાં વધુ મોડેલ ફાર્મ પર ખેડૂતોને પ્રેરણા મળે તે માટે તાલીમો આપવાનું સૂચન પણ કર્યું હતું. આ તકે ખેડૂત શ્રી નારાયણભાઈએ પ્રાકૃતિક ખેતીના સ્વઅનુભવો વિશે વિસ્તૃત માહિતી આપતા કહ્યું હતું કે, રાસાયણિક ખેતીની સરખામણીમાં પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઓછો થાય છે અને જો સિદ્ધાંતોને અનુસરીને ધીમે ધીમે આગળ વધવામાં આવે તો ઉત્પાદનમાં કોઈ ઘટાડો થતો નથી. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે, તેમના ખેતરમાં મુખ્ય પાક તરીકે પપૈયા અને શરૂઆતમાં તેની સાથે ડુંગળીનું વાવેતર કરવામાં આવ્યું હતું. ડુંગળીનો પાક લેવાઈ ગયો હોવાથી, એક જ ખેતરમાંથી તેમને સહયોગી પાકની આવક પણ મળી. આ આવકનો ઉપયોગ મુખ્ય પપૈયાના પાકના પ્રારંભિક ખર્ચને પહોંચી વળવા માટે થયો, જેનાથી પપૈયાના વેચાણમાંથી થતી આવક સંપૂર્ણપણે નફા સ્વરૂપે રહેશે. શ્રી નારાયણભાઈએ પ્રાકૃતિક ખેતીના અન્ય ફાયદાઓ પર ભારપૂર્વક જણાવ્યું કે, આ ખેતીમાં જમીનની ખેડ કરવામાં આવતી નથી અને ઘાસ-કચરો જમીનમાં જ રહેતો હોવાથી પાણીની નિતારશક્તિ વધે છે. છેલ્લા લગભગ ૨૫ દિવસથી સતત વરસાદ હોવા છતાં તેમના ખેતરમાં બિલકુલ પાણી ભરાયા નથી, જ્યારે આસપાસના અન્ય ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાયા છે.

## અમદાવાદ શહેરની પોસ્ટ ઓફિસો ૨૧ જુલાઈએ બંધ રહેશે

। (પ્રતિનિધી) થરા, તા.૧૯ ।

ટપાલ વિભાગ દ્વારા તેમની સેવાઓમાં ડિજિટલ પરિવર્તન લાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી રહી છે. અમદાવાદ સિટી ડિવિઝન હેઠળ આવતી તમામ પોસ્ટ ઓફિસોમાં ૨૨ જુલાઈ, ૨૦૨૫ થી નવી, અદ્યતન "APT (Advanced Postal Technology) એપ્લિકેશન'' શરૂ કરવામાં આવશે. પરિણામે અમદાવાદ શહેરની પોસ્ટ ઓફિસો ૨૧ જુલાઈએ બંધ રહેશે. નવી ડિજિટલ સિસ્ટમથી ગ્રાહકોને ઝડપી, સ્માર્ટ અને કાર્યક્ષમ ટપાલ સેવાઓ મળશે.

આ નવા પ્લેટફોર્મ પર સરળ અને સુરક્ષિત રીતે શીફ્ટિંગ સુનિશ્ચિત કરવા માટે, ટપાલ વિભાગ દ્વારા ૨૧ જુલાઈ, ૨૦૨૫ (સોમવાર) ના રોજ ડાઉનટાઈમ રાખવામાં આવ્યો છે. આ દિવસે, અમદાવાદ શહેરની તમામ પોસ્ટ ઓફિસોમાં કોઈપણ પ્રકારના જાહેર વ્યવહારો કરવામાં આવશે નહીં. આ એક દિવસીય સેવા સ્થગિતતા ડેટા માઈગ્રેશન, સિસ્ટમ ચકાસણી અને કોન્ફિગરેશન પ્રક્રિયાઓ માટે જરૂરી છે, જેથી નવી સિસ્ટમ સરળતાથી અને અસરકારક રીતે કાર્યરત થઈ શકે. ગ્રાહકો તેમની પોસ્ટ ઓફિસની મુલાકાતોનું આયોજન અગાઉથી કરી લે અને આ ટૂંકા ગાળાની અસુવિધા માટે સહકાર આપે, તેમ પોસ્ટ ઓફિસ દ્વારા જણાવાયું છે.

## કાંકરેજ તાલુકામાં કાળઝાળ ગરમી બફારા બાદ મેઘરાજાની પધરામણી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૯ ।

છેલ્લા કેટલાક દિવસોથી કાંકરેજ તાલુકામાં કાળઝાળ ગરમી બફારાથી જીવમાત્ર ત્રાહિમામ પોકારી ગયા હતા.ખેડૂતો ઉનાળુ પાક લીધા પછી ચોમાસું પાક અંગેની વાવણી માટે અનુકૂળ વાતાવરણની રાહ જોઈને બેઠો હતો ત્યારે વાદળો ઘેરાતાં હતા પણ બનાસકાંઠાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકામાં વરસાદ ખેતીલાયક નહી થતાં મેઘરાજાને રીઝવવા પ્રાર્થના કરતા હતા અબોલ જીવો પણ આકુળ વ્યાકુળ થયાં હતા ત્યાં રાજસ્થાનમાં સર્જાયેલ લો પ્રેશરની અસર થતાં શનિવારની વહેલી સવારથી મેઘરાજાની કાંકરેજ તાલુકાના થરા વડા ઉણ, ટોટાણા, તાણા કાકર સહિત સમગ્ર વિસ્તારમાં પધરામણી થઈ હતી. ગાજવીજ પવન વગર શાંત રીતે ખેતી લાયકવરસાદ ખાબક્યો હતો તો નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં લોકો વાહનચાલકો મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા હતા.બપોર પછી વરસાદ હળવો પડતાં અબોલ પશુ પક્ષીઓ કિલકિલાટ કરતાં જોવા મળ્યા હતા.

## અમદાવાદ ખાતે કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા.

કલેક્ટર શ્રી સુજીત કુમારે જણાવ્યું હતું કે નાગરિકો અને પદાધિકારીઓ સાથે વિવેકપૂર્ણ સકારાત્મક અભિગમ સાથે વાત કરવાથી સમસ્યાનું ઝડપથી નિરાકરણ આવે છે, તેમણે અધિકારીઓને સરકારના પત્રો અને પરિપત્રોનો વિગતે અભ્યાસ કરી ત્વરાએ પાલન કરવા જણાવ્યું હતું.

કલેક્ટરશ્રીએ અધિકારીઓને તેમના વિભાગને લગતી બિલ્ડિંગો સહિતની માળખાની ચકાસણી કરી તેનો અહેવાલ આપવા પણ તાકીદ કરી હતી. જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમારે જણાવ્યું હતું કે સંકલનની બેઠકમાં પ્રજાના પ્રશ્નોનું પદાધિકારી દ્વારા રજૂ થાય જે નિયત સમય મર્યાદામાં નિકાલ થાય તે જરૂરી છે, તેમણે સંકલનના અધિકારીઓને સત્વરે નિયમાનુસાર હકારાત્મક નિરાકરણ માટે તાકીદ કરી હતી. કલેક્ટરશ્રીએ ઉમેર્યું હતું કે, નાગરિકોના પ્રશ્નોનું માનવીય અભિગમથી ત્વરીત ધોરણે નિકાલ લાવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત જિલ્લામાં બિનજરૂરી થાંભલા દૂર કરવા સહિત જર્જરિત અને ભયજનક માળખા દૂર કરવા સૂચના આપી હતી.

કલેક્ટરશ્રીએ જિલ્લાના અધિકારીઓને તેમને લગતા પ્રશ્નો માટે ફીલ્ડ વિઝિટ લઈ હકારાત્મક નિવારણ માટે જણાવી પદાધિકારીઓ દ્વારા પૂછ-ાયેલ પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું હતું.

## થરા કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ/ બી.કોમ અને એમ. એ/એમ.કોમ ના વિદ્યાર્થીઓ નો પ્રવેશોત્સ્વ યોજાયો

। (પ્રતિનિધી) થરા, તા.૧૯ ।

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત,શ્રી સેવંતીલાલ અમૃત લાલ સુરાણી વિદ્યા સંકુલ અંત ર્ગત શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલા વતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ થરામાં પ્રથમ વર્ષ બી.એ/ બી.કોમ અને એમ.એ/એમ.કોમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સ્વ તથા કોલેજના પ્રિન્સિપાલ ડૉ.ડી એસ. ચારણની હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ, આર્ટસ ફેકલ્ટીના ડીન તરીકે પાંચ વર્ષમાટે કુલપ તિ દ્વારા નિમણુંક થતા કેળવણી મંડળ દ્વારા સન્માન સમારોહ,જીલ્લા રોજગાર અધિ. એમ.જે. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાયો, કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદનાથી કરી પ્રથમ વર્ષ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવા માં આવ્યું. સમારોહના પ્રારંભે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડી.એસ. ચારણ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી ભારતીય સંસ્કૃતિની ધરોહર માતૃ-પિતૃ ભક્તિ સાકાર કરવા વિધાર્થીઓને વિદ્યાપ્રાપ્તિની સાથે સંસ્કારો અને જીવન મુલ્યોનું મહત્વ સમજાવી કારકિર્દી ઘડવા માટે તેમજ તેમના સર્વાંગી વિકાસ સાધવા માટેપ્રેરિત કરેલ.અધ્યક્ષીય પ્રવચનમાં જિલ્લા રોજગાર અધિ. એમ.જે. પ્રજાપતિએ વિધાર્થીઓને રસ રૂચી અનુસાર વ્યવસાયલક્ષી પ્રવાહમાં પોતાનું જીવન ઘડતર કરે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા તથા ઝળહતી કારકિર્દીના નિર્માણમાં ગ્રંથાલયનો મહત્તમ સદઉપયોગ કરવાની પ્રેરણા પૂરી પાડેલ.આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ ધીરજ ભાઈ કે.શાહ, મંડળના ટ્રસ્ટી ચંદ્રસિહજી વાઘેલા, ભુપેન્દ્રભાઈ ધાણધારા, હસમુખભાઈ ઝવેરી, પૂર્વ પ્રિન્સિપાલ ડૉ.હેમરાજભાઈ આર. પટેલ, એસ.એસ. શાહ પ્રાધ્યાપકગણ કોલેજ નો સમગ્ર કર્મચારીગણ ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રા.ડૉ.મયંકભાઈ એમ. જોષી અને આભાર વિધી ડૉ.રામ ભાઈ સોલંકી એ કરેલ.

## છોટાઉદેપુર જિલ્લા પ્રભારી સચિવશ્રી પ્રવિણ સોલંકીની અધ્યક્ષતામાં વરસાદ બાદ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ



। (માહિતી) છોટા ઉદેપુર, તા.૧૯ ।

છોટાઉદેપુર કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના પ્રભારી સચિવશ્રી પ્રવિણ સોલંકીએ ભારે વરસાદ બાદ સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરી વિશે જાત માહિતી મેળવી વિસ્તૃત સમીક્ષા કરી હતી. આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ તમામ વિભાગોની કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તેઓએ ખાસ કરીને માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદને કારણે જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તા અને પુલની તાત્કાલિક મરામત કરવામાં આવે અને નાગરિકોની સલામતીને અગ્રતા આપવામાં આવે તે અંગે સૂચનો આપ્યા હતા.

નોંધનીય છે કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ક્ષતિગ્રસ્ત માર્ગોનું ત્વરિત સમારકામ કરવા સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા છે, જેને કેન્દ્રમાં લઈને જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના નેતૃત્વમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગ મરામતની કામગીરી પૂરજોશમાં કારી રહ્યું છે. જેની પણ નોંધ શ્રી સોલંકીએ લઈને સરાહના કરી હતી.

શ્રી સોલંકીએ જર્જરિત શાળાઓની કામગીરીને ઝડપી બનાવવા તેમજ વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક બેસવાની વ્યવસ્થા કરાવવા તેમજ શિક્ષણકાર્ય નિયમિત ચાલે તે સુનિશ્ચિતતા અંગે વિશેષ ભાર મૂક્યો હતો. જર્જરિત અને નીચાણવાળી આંગણવાડીઓના બાળકોને અન્ય સુરક્ષિત સ્થળે ખસેડવા અને ત્યાંથી નિયમિત કામગીરી ચાલુ રાખવા પણ શ્રી સોલંકીએ સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલ, સાંસદશ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય સવશ્રી, કલેકટરશ્રી ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સચિન કુમાર, પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ, પ્રાયોજના અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્મા, નિવાસી અધિક કલેકટર શ્રી શૈલેષ ગોકલાણી સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ, સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ-કર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## લોકપ્રશ્નોનો પ્રક્રિયાલક્ષી નહીં પણ પરિણામલક્ષી નિકાલ થાય તે જરૂરી : કલેક્ટર ડો. વિપિન ગર્ગ



। (માહિતી) તાપી, તા.૧૯ ।

તાપી જિલ્લા કલેક્ટર કચેરી, વ્યારા ખાતે કલેક્ટર ડો. વિપિન ગર્ગની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ અરજદારો દ્વારા જિલ્લા અને તાલુકા સ્વાગત કરવામાં આવેલા પ્રશ્નો તેમજ અન્ય પોર્ટલો ઉપર નાગરિકો દ્વારા અપલોડ કરવામાં પ્રશ્નોના પ્રક્રિયાલક્ષી નહીં પરંતુ અસરકારક અને પરિણામલક્ષી નિકાલને પ્રાધાન્ય આપવા સૂચના આપી હતી. પ્રાયોજના વહીવટદાર શ્રી જયંતસિંહ રાઠોડ દ્વારા આગામી ૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાનાર કાર્યક્રમ અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી. તેમજ ઉપસ્થિત અધિકારીઓ પાસેથી લાભાર્થીઓની માહિતી મેળવી હતી. આ ઉપરાંત, બેઠકમાં પડતર અરજીઓ, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસો, એજી ઓડિટ પારા, સરકારી નાણાંની વસુલાત, તકેદારી આયોગની અરજીઓ, ઈ-સરકાર પોર્ટલની અમલવારી અંગે તેમજ સાંસદ-ધારાસભ્યોની રજૂઆત જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં સરકારી નાણાંની સમયસર વસુલાત સુનિશ્ચિત કરવા, સાંસદ-ધારાસભ્ય અને પદાધિકારીઓના પ્રશ્નોનો યોગ્ય અને સમયસર ઉકેલ કરવા, તેમજ નકારાત્મક અખબારી અહેવાલો અંગે તાત્કાલિક તપાસ કરીને અહેવાલ રજૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઓવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ખાસ કરીને ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારથીજ તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારા દ્વારા કોઈપણ પ્રકારે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.

**સિંહ (મ,ટ) :**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારું વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપ શે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. નિર્ણય લેવાના તમારા માર્ગમાં ગવર્વને આવવા ન દેતા-તમારી હાથ નીચેના લોકોનું શું કહેવું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થઈ શકે છે. કુટુંબના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી. તમારે આવું ન કરવું જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

## ન્યૂઝ બ્રિફ

### આકડીયા ગામે એક પરિવારના ૪ સભ્યો પર જીવલેણ હુમલો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટના આકડીયા ગામે એક પરિવારના ૪ સભ્યો પર જીવલેણ હુમલો, પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી હતી. એક જ પરિવારના ૪ સભ્યો પર હુમલો થતા મામલો બિચકાયો હતો. જુની અદાવતના કારણે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. હુમલાખોરો હથિયાર સાથે એક ગાડીમાં આવ્યા અને એક પરિવાર પર આડેધડ મારામારી કરી ૪ સભ્યોને ગંભીર ઈજાગ્રસ્ત કર્યા બાદ ત્યાંથી નાસી છુટ્યા હતા. આ જીવલેણ હુમલામાં પરિવારના ચારેય સભ્યોને હુમલાખોરોએ ગંભીર ઈજાગ્રસ્ત કર્યા હતા. સમગ્ર ઘટના દરમિયાન ઈજાગ્રસ્તોને સારવાર માટે જસદણની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વિંછીયા પોલીસે ઘટના સ્થળે પહોંચીને ચક્રો ગતિમાન કર્યા હતા.

### ઉમરેઠ નગરપાલિકા જાહેરમાં કચરો નાખતા લોકો સામે કાર્યવાહી કરશે

। (એજન્સી) ઉમરેઠ, તા.૧૯ ।

ઉમરેઠ નગરપાલિકા દ્વારા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. ઉમરેઠ નગરપાલિકા દ્વારા જાહેરમાં રસ્તા ઉપર કચરો નાખતા લોકોની સામે કાર્યવાહી કરશે. સીસીટીવી કેમેરામાં જાહેર રસ્તા ઉપર કચરો નાખનાર વેપારી તથા રહીશો પર નજર રાખવામાં આવશે. જાહેર રસ્તા ઉપર કચરો નાખનાર સામે નગરપાલિકા દ્વારા દંડ વસૂલવાની જાહેરાત કરવામાં આવી છે.ઉમરેઠ નગરપાલિકા વિસ્તારમાં જો કોઈ લોકો જાહેરમાં કચરો નાખતા જણાશે તો પાલિકા તેમની સામે કર્યવાહી કરશે. નગરપાલિકાએ રસ્તાઓ પર કેમેરા લગાવી લોકો પર નજર રાખી રહી છે. પાલિકા દ્વારા ચાર રસ્તા કે રસ્તની સાઈડમાં કચરો નાખીને ગંદકી કરતા લોકો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. શહેરને સ્વચ્છ રાખવાની કામગીરી હેઠળ પાલિકા દ્વારા કામગીરી કરવામાં આવી છે. ઉમરેઠ નગરપાલિકા દ્વારા જાહેરમાં રસ્તા ઉપર કચરો નાખતા લોકોની સામે કાર્યવાહી કરશે. સીસીટીવી કેમેરામાં જાહેર રસ્તા ઉપર કચરો નાખનાર વેપારી તથા રહીશો પર નજર રાખવામાં આવશે.

### RTOની નાગરિકોને ચેતવણી । સાયબર માફિયાઓ ડુપ્લિકેટ લિંક્સ અને ખોટી APK ફાઈલો દ્વારા લોકોનો ડેટા ચોરી રહ્યા છે

# અજાણી લિંક્સ અને APK ફાઈલોથી દૂર રહો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનાઓ ઝડપથી વધી રહ્યા છે, અને તેમાં આરટીઓ (RTO) ચલણ ભરવાના નામે થતી છેતરપિંડી એક મોટી સમસ્યા બની રહી છે. સાયબર માફિયાઓ ડુપ્લિકેટ લિંક્સ અને ખોટી APK ફાઈલો દ્વારા લોકોનો ડેટા ચોરી રહ્યા છે, જેનાથી લોકોનું નાણાકીય નુકસાન થઈ રહ્યું છે. આવા ફ્રોડથી બચવા માટે આરટીઓ અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને ઓફિશિયલ સાઈટ્સ અને પ્લેસ્ટોરનો જ ઉપયોગ કરવા અપીલ કરી છે. ચાલો જાણીએ કે આ છેતરપિંડી કેવી રીતે થઈ રહી છે અને તેનાથી કેવી રીતે બચી શકાય. હાલમાં જ એક વ્યક્તિ સાથે થયેલા ફ્રોડનો કિસ્સો આગળ આવ્યો છે, જેમાં તેમને આરટીઓ ચલણ ભરવા માટે એક લિંક મોકલવામાં આવી હતી. આ લિંકમાં લખ્યું હતું કે, “તમારું ચલણ ભરવા માટે આ લિંક પર ક્લિક કરો.” જોકે, આ લિંક નકલી હતી, અને વ્યક્તિએ તેના પર ક્લિક કરતાં જ તેનો વ્યક્તિગત ડેટા સાયબર ગુનેગારોના હાથમાં ચાલ્યો ગયો. આ ઘટનાથી તે વ્યક્તિનું નાણાકીય નુકસાન થયું. સાયબર માફિયાઓ આવી નકલી લિંક્સ બનાવીને લોકોને ફસાવે છે, જે આરટીઓની ઓફિશિયલ વેબસાઈટ https://echallan.parivahan.gov.in/ જેવી જ દેખાય છે, પરંતુ વાસ્તવમાં તે ફેક હોય છે. સાયબર ગુંડાઓ ફક્ત નકલી લિંક્સ જ નથી મોકલતા, પરંતુ આરટીઓના નામે બનાવેલી નકલી APK ફાઈલો પણ લોકોને મોકલે છે. આ APK ફાઈલો ડાઉનલોડ કરતાં જ યુઝરના ફોનમાં માલવેર ઈન્સ્ટોલ થઈ જાય છે, જે બેંક ખાતાની વિગતો, પાસવર્ડ અને અન્ય સંવેદનશીલ માહિતી ચોરી કરે છે. આવી ફાઈલો ઘણીવાર આરટીઓની ઓફિશિયલ એપ્લિકેશન જેવી જ દેખાતી હોય છે, જેના કારણે લોકો સરળતાથી ફસાઈ જાય છે. આવી છેતરપિંડીથી બચવા માટે આરટીઓ અધિકારીઓએ લોકોને અજાણ્યા નંબરો પરથી આવેલી લિંક્સ અથવા APK ફાઈલો પર ક્લિક ન કરવાની સલાહ આપી છે. આરટીઓ અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને ચલણ ભરવા માટે યોગ્ય માર્ગો અપનાવવા અપીલ કરી છે. જો તમારે ઈ-ચલણ ભરવું હોય, તો તમે નજીકની આરટીઓ કચેરીમાં રૂબરૂ જઈને ચલણ ભરી શકો છો. આ ઉપરાંત, ઓનલાઈન ચલણ ભરવા માટે ફક્ત આરટીઓની ઓફિશિયલ વેબસાઈટ https://echallan.parivahan.gov.in/ નો ઉપયોગ કરવો જોઈએ. આ વેબસાઈટ પર જઈને તમે તમારા વાહનનું ચલણ ચેક કરી શકો છો અને સુરક્ષિત રીતે ચૂકવણી કરી શકો છો. જો તમારે આરટીઓ સંબંધિત કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરવી હોય, તો તે ફક્ત ગૂગલ પ્લેસ્ટોર અથવા એપલ એપ સ્ટોર જેવા વિશ્વસનીય પ્લેટફોર્મ પરથી જ ડાઉનલોડ કરવી. અજાણ્યા નંબરો પરથી આવેલી લિંક્સ દ્વારા મોકલવામાં આવેલી APK ફાઈલો ડાઉનલોડ કરવી નહીં, કારણ કે તે તમારા ફોનની સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે. આ ઉપરાંત, ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરતી વખતે હંમેશાં સાવચેતી રાખવી અને લિંકની સત્યતા ચકાસવી. આરટીઓ અધિકારીઓએ લોકોને જાગૃત કરવા માટે ખાસ અપીલ કરી છે કે કોઈપણ અજાણ્યા નંબરથી આવેલા મેસેજ કે લિંક પર ભૂલથી પણ ક્લિક ન કરવું. ખાસ કરીને, ચલણ ભરવાના નામે આવેલા મેસેજમાં આપવામાં આવેલી લિંક્સની સત્યતા ચકાસવી અગત્યની છે.

### હાઈવે પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા

## રાજકોટ પાસે ‘બંટી-બબલી’નો જીપથી પોલીસમેનને કચડી નાખવા પ્રયાસ

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગઈકાલે પોલીસ અને ગુનેગારો વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટના અંકિત પરમાર અને નયના નામની મહિલાએ પોલીસકર્મી પર થાર ગાડી ચડાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ પોલીસને ૨૦ કિલોમીટર સુધી દોડાવી હતી. આ બંનેને અંતે વીરપુરમાંથી ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, રૂરલ ટ્રાફિક પોલીસની ટીમ જેતપુરની ધાર ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહી હતી. તે સમયે જૂનાગઢ તરફથી આવતી કાળા કાચવાળી એક થાર કારને રોકવાનો પ્રયાસ કરતા તેના ચાલક અંકિત પરમારે પોલીસકર્મી મહેશભાઈ સોઢાતરને મારી નાખવાના ઈરાદે તેમના પગ પર ગાડીનું વ્હીલ ફેરવી દીધું હતું. આ બનાવમાં મહેશભાઈને ઈજા થઈ હતી.હુમલો કર્યા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે તેનો પીછો કરી પીઠડીયા ટોલનાકા પાસે તેને દબોચી લીધો હતો.

પોલીસની તપાસમાં અંકિત નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. જોકે, આ દરમિયાન તેની સાથે રહેલી નયના નામની મહિલાએ તરત જ ગાડીનો કબ્જો લઈ લીધો અને ફરીથી કાર ભગાવી આરોપીને લઈને ફરાર થઈ ગઈ. પોલીસે ફરીથી આ થાર કારનો પીછો કર્યો. નેશનલ હાઈવે પર સિક્સ લેનનું કામ ચાલુ હોવાને કારણે ટ્રાફિક હોવા છતાં, પોલીસે સતત ૨૦ કિલોમીટર સુધી તેમનો પીછો કર્યો હતો. અંતે, જીવના જોખમે પોલીસે વીરપુરમાંથી અંકિત પરમાર અને નયનાને ઝડપી પાડ્યા હતા.

## શિક્ષિકાની પરિચીત મહિલાએ ૯.૬૬ લાખના દાગીના સેરવી લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

મકરબાના ઓર્ચિડ વ્હાઈટ ફિલ્ડમાં રહેતા પરિવારના ઘરમાં પરિચીત મહિલાએ જ ૯.૬૬ લાખના દાગીના ચોરી લીધા હતા. સરખેજ પોલીસે તપાસ હાથ ધરી છે. મૂળ રાજસ્થાનના ધીરજભાઈ ભંડારી મકરબાના ઓર્ચિડ વ્હાઈટ ફિલ્ડમાં રહે છે અને ઘરઘંટીનો વ્યવસાય કરે છે. ધીરજભાઈના પત્ની કલાબેન ગુરૂકુળ રોડ પર આવેલા એક ફ્લેટમાં માનસિક અસ્થિર બાળકોના ટ્યુશન ક્લાસિસ ચલાવે છે. તે ક્લાસિસમાં માનસી દોશી(રહે.એલિસબ્રિજ) પણ ટીચર તરીકે નોકરી કરતી હતી. બંને વચ્ચે મિત્રતાના સંબંધ હોવાથી એકબીજાના ઘરે આવતા જતા હતા. ગત ૨૭ મેના રોજ સવારે માનસી દોશીએ કલાબેનને ફોન પર ઘરમાં પાણી આવતું ન હોવાથી તેમના ઘરે નહાવા આવવાનું પૂછતાં તેમણે હા પાડી હતી. બાદમાં માનસી દોશી કપડાંની બેગ લઈને આવી હતી અને બેડરૂમના અટેચ બાથરૂમમાં નહાવા ગઈ હતી.

### સોશિયલ મીડિયામાં સ્ટેટસના મામલે પતિએ શંકા રાખીને પત્નીની હત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

વાસણા વિસ્તારમાં પત્નીના ચારિય પર શંકા રાખીને હત્યા કરનારા પતિની પોલીસે ધરપકડ કરી છે. ચામુંડાનગરમાં રહેતી ૪૦ વર્ષીય મહિલા ઘરે હતી ત્યારે વોટ્સએપ પર સ્ટેટસ મૂકતા પતિએ કેટલીક શંકાઓ દાખવી હતી. જે બાદ બંને વચ્ચે ઝઘડો થયો હતો અને પતિએ પંખાના વાયરથી ગળું દબાવીને પત્નીની હત્યા કરી નાખી હતી. હત્યા બાદ આરોપી વતન જવા નીકળ્યો હતો અને નારોલ પાસે પહોંચીને કંટ્રોલરૂમમાં ફોન કરીને બનાવની જાણ કરી હોવાનું સામે આવ્યું છે. વાસણા વિસ્તારમાં આવેલા ચામુંડાનગરમાં ૧૫ જુલાઈએ ૪૦ વર્ષીય મીના નામની મહિલાની તેના પતિએ જ હત્યા કરી હતી. ચાર પાંચ દિવસથી નરેશ અને તેની પત્ની મીના વચ્ચે ચારિય અંગે શંકા રાખવા બાબતે બોલાચાલી થતી હતી. મંગળવારે સવારે નરેશે ઝઘડો કરીને પંખાના ઈલેક્ટ્રિક વાયરથી મીનાનું ગળું દબાવીને હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ નરેશ પોતાનું ઘર છોડીને નારોલ પહોંચ્યો હતો. જ્યાંથી તેને પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરી પત્નીની હત્યા કરી હોવાની જાણ કરી હતી. એ જ સમયે પરિવારના સભ્યોને પણ મીનાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપી નરેશ ખિમોરિયાની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પત્નીની હત્યાને અંજામ આપીને આરોપી નરેશ વતન અમરેલી તરફ જવા નીકળ્યો હતો. નરેશને શંકા હતી કે તેની પત્ની મીના સોશિયલ મીડિયામાં સ્ટેટસમાં પોતાના ફોટા મૂકી અન્ય યુવક સાથે સંબંધ રાખી રહી છે. જે શંકાના આધારે નરેશે પત્નીને વહેલી સવારે મકાનના પહેલા માળે લઈ જઈ શારીરિક સંબંધ બાંધ્યા હતા. જે બાદ બંને વચ્ચે તકરાર થતાં પતિ નરેશે પત્ની મીનાની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં એ વાત પણ સામે આવી છે કે આરોપી નરેશ કોઈ કામ ધંધો કરતો નહોતો. ઉપરાંત મૃતક મીનાબેન અનેક ઘરના ઘરકામ કરીને ત્રણ સંતાનની દેખરેખ કરતી હતી. બનાવના બે દિવસ પહેલા બંને વચ્ચે બોલાચાલી થતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પરંતુ મીનાએ પતિની ધરપકડ ન કરવા કહેતા પોલીસે બંનેને મુક્ત કર્યા હતા.

## સરદાર સરોવર ડેમમાં પાણીની આવક વધી, ૫૫% સુધી ભરાયો

### રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૩૧,૩૪૭ મિલિયન ક્યુબિક ફીટની ક્ષમતા સામે કુલ સંગ્રહ ક્ષમતાના ૫૯.૩૭% પાણી ભરાયેલું છે

। (એજન્સી) રાજપીપળા, તા.૧૯ ।

આ વખતે ચોમાસાની શરૂઆતથી જ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં સારો વરસાદ નોંધાયો છે. જેના કારણે પાણીની પણ સારી એવી આવક થઈ રહી છે. સારા વરસાદના કારણે નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમની જળ સપાટીમાં પણ વધારો થયો છે.આ સિવાય ઉપરવાસમાં ૬૮,૭૮૬ ક્યુસેક પાણીની આવક થઈ છે. પાણીની આવક થતાં RBPHના ૩ અને CHPHનું ૧ પાવર હાઉસ ચાલુ કરાયું છે. મળતી માહિતી મુજબ, સારા વરસાદના કારણે નર્મદા નદીના સરદાર ડેમની જળ સપાટીમાં વધારો થયો છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે પાણીની સારી એવી આવક થઈ છે. હાલ, ઉપરવાસમાં પાણીની આવક ૬૮૭૮૬ ક્યુકેસ નોંધાઈ છે. નર્મદા ડેમની સપાટી પણ ૧૨૧.૪૦ મીટરે પહોંચી છે.

નર્મદા ડેમ અત્યાર સુધીમાં ૫૫ ટકા સુધી ભરાઈ ગયો છે. ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે.નોંધનીય છે કે, રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૩૧,૩૪૭ મિલિયન ક્યુબિક ફીટની ક્ષમતા સામે કુલ સંગ્રહ ક્ષમતાના ૫૯.૩૭% પાણી ભરાયેલું છે. કુલ ૨૦૬ ડેમો પૈકી, ૨૬ ડેમો ૧૦૦% ભરાયેલા છે, જ્યારે ૫૮ ડેમો ૭૦%થી ૧૦૦% વચ્ચે ભરાયેલા છે. ૪૦ ડેમો ૫૦%થી ૭૦% વચ્ચે ભરાયા છે, અને ૪૨ ડેમો ૨૫%થી ૫૦% વચ્ચે ભરાયેલા છે.

## પિતરાઈએ બહેન સાથે દુષ્કર્મ કર્યું, કસ્ટડીમાં પોતાને બ્લેડના ઘા માર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

વટવા વિસ્તારમાં સગીરા સાથે તેના જ પિતરાઈ ભાઈએ દુષ્કર્મ આચર્યું હતું. સગીરાના માતા-પિતાની ફરિયાદ બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસ પોક્સોના આરોપીને પકડીને પોલીસ મથકે લાવી ત્યારબાદ આરોપીએ તેના ખિસ્સામાં રહેલી બ્લેડ કાઢીને આત્મહત્યા કરવાના ઈરાદે હાથ પર બ્લેડના ઘા મારી દીધા હતા. પોલીસકર્મીઓ આરોપીના બ્લેડ છીનવી લઈ સિનિયર અધિકારીને જાણ કરી હતી. પોલીસે તેને સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. વટવામાં વિસ્તારમાં ૧૪ વર્ષીય સગીરા પરિવાર સાથે રહે છે. પાડોશમાં રહેતા તેના સંબંધીના દીકરાએ પિતરાઈ બહેન સાથે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાના માતા-પિતાએ પાડોશમાં રહેતા તેમના સંબંધીને જાણ કરી પરંતુ તે સમયે આરોપી નાસી છૂટ્યો હતો. પીડિતાના પરિવારે વટવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સોનો ગુનો નોંધીને ધરપકડ કરી હતી.







## રાજકોટમાં સરકારી ડોક્ટરોની ડબલ ગેમનો પર્દાફાશ થયો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટના મેડિકલ આલમમાં ખળભળાટ મચાવનારો એક પત્ર સામે આવ્યો છે, જેમાં સરકારી ડૉક્ટરોની ખાનગી હોસ્પિટલોમાં ગેરકાયદે પ્રેક્ટિસનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ડૉ. દોશી નામના એક વ્યક્તિ દ્વારા લખાયેલા આ પત્રમાં ૧૯ જેટલા ડૉક્ટરોના નામનો ઉલ્લેખ છે, જેઓ સરકારી પગાર લેવા છતાં ખાનગી હોસ્પિટલોમાં ફુલ-ટાઈમ પ્રેક્ટિસ કરીને લાખો રૂપિયાની કમાણી કરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાએ સરકારી તંત્ર અને મેડિકલ કોલેજના ઉચ્ચ અધિકારીઓની કામગીરી પર પણ સવાલો ઉભા કર્યા છે. ડૉ. દોશીના પત્ર અનુસાર, આ ૧૯ ડૉક્ટરો સરકારી હોસ્પિટલોમાં નોકરી કરે છે અને લાખો રૂપિયાનો પગાર લે છે, પરંતુ તેઓ માત્ર હાજરી પૂરાવીને ખાનગી હોસ્પિટલોમાં પ્રેક્ટિસ કરે છે.

આ ડૉક્ટરોમાં ઓર્થોપેડિક, રેડિયોલોજી, પેથોલોજી, મેડિસિન અને સર્જરી વિભાગના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. આ ડૉક્ટરોના નામ અને ફોટા કેટલીક ખાનગી હોસ્પિટલોની વેબસાઈટ્સ પરથી પણ મળી આવ્યા છે, જે આ આક્ષેપોને વધુ મજબૂતી આપે છે.

